શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

Vibrant PANCHOLI SAMAJ

તમસો માં જ્યોતિર્ગમય

# પંચોલી નવયુગ



જુલાઈ – ૨૦૧૩

અંક – ૭

વર્ષ : ૫૨

સળંગઅંક : ૩૯૮

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી

## નવયુગ અંક અર્પણ

# હૃદયાંજલિ..



## સ્વ. ગં.સ્વ. પન્નાબેન રમેશચંદ્ર મિસ્ત્રી

સ્વર્ગવાસ : ૧૯:૦૬:૨૦૧૩

ગંગાના નીર તો વધે ઘટે રે લોલ..... સરખો એ પ્રેમનો પ્રવાહ રે....જનની ની જોડ જગે નહી જડે રે લોલ.. ભલે ‘માઁ’ શબ્દ ખૂબ નાનો અને એક જ મૂળાક્ષરનો હોય પરંતુ એના મૂળ ખૂબ જ મજબુત અને હૃદયથી લઈને શરીરના દરેક ભાગમાં, દરેક ધબકારમાં એનો અહેસાસ થાય છે. જયારે બાળકથી માંડીને વૃધ્ધાવસ્થામાં પહોંચેલ વ્યક્તિ જયારે દુઃખ કે તકલીફમાં આવી પડે છે ત્યારે તે સમયે એનો ઉચ્ચાર હોય છે ‘ઓ...‘માઁ’ ગુજરાતી કહેવત છે ‘માઁ વ્હાલનો દરિયો છે.’ પરંતુ એનું હૃદય તો દરિયાથી પણ વિશાળ હોય છે. જયારે પરમાત્માનું તેડુ આવે ત્યારે એ વ્હાલનો દરિયો સુકાય જાય છે અને બધાના હૃદયમાં શૂન્યાવકાશ સર્જી દે છે, હૃદય પણ શૂન્યમનસ્ક થઈ જાય છે. આંખો ચાહવા છતાં આંસુઓ રોકી શકતી નથી, હર કદમ પર ‘માઁ’ શબ્દ ઉચ્ચારતું મુખ પણ મૌન બની જાય છે. એ અમારી ‘માઁ’ તમારા ધામમાં આવી છે.. એમને શાશ્વત સુખ અને શાંતિ અર્પી તમારા ચરણોમાં સ્થાન આપશો એજ અમારા સૌની પ્રાર્થના સહ હૃદયાંજલિ..

### આપના વ્હાલા બાળકો...

લીનાબેન રાહુલકુમાર મિસ્ત્રી
રાહુલકુમાર જિતેન્દ્રભાઇ મિસ્ત્રી
ચિ. કશ્વી-ચિ. ઈશિકા
મીરારોડ

નિલેશકુમાર રમેશચંદ્ર મિસ્ત્રી
મયુરીબેન નિલેશકુમાર મિસ્ત્રી
ચિ. દ્રિતી - ચિ. વૈદેહી
ભિલાડ

હેતલબેન ધવલકુમાર પંચોલી
ધવલકુમાર મહેન્દ્રભાઇ પંચોલી
ચિ. પ્રનિલ
વ્યારા

# નવયુગ અંક અર્પણ
# આઠમી પૂણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ..



## સ્વ. કાંતિલાલ મણીલાલ પંચોલી

જન્મ : ૨૨ : ૦૩ : ૧૯૪૫ સ્વર્ગવાસ : ૦૫ : ૦૭ : ૨૦૦૫

સુખને છલકાવ્યું નહી, દુઃખને દેખાડયું નહી, ધુપસળીની માફક જીવન જીવી સુગંધ ફેલાવી,
આપના અથાક પરિશ્રમે અમારા જીવન ઉજાળ્યા, જીવનભર મહેનત કરી દુઃખના દરિયા વેઠી,
સૌને સુખ સાગરમાં તરતાં મૂકી ગયા....
આપના મિલનસાર અને નિખાલસ સ્વભાવનો અમૂલ્ય વારસો અમે કદી ભુલી શકીએ તેમ નથી,
તમારો નિઃસ્વાર્થ પ્રેમ યાદ કરતા આંખો અશ્રુ સારે છે......
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.....

## અર્પણકર્તા

ગં.સ્વ. શોભનાબેન કાંતિલાલ પંચોલી

શ્રી ફાગુન કાંતિલાલ પંચોલી
શ્રીમતિ અપેક્ષા ફાગુન પંચોલી
ચિ. વિધિ ફાગુન પંચોલી
ચિ. જશ ફાગુન પંચોલી
કાંદીવલી(ઈસ્ટ) મુંબઇ

શ્રી મનિષ કાંતિલાલ પંચોલી
શ્રીમતિ કેતના મનિષ પંચોલી
ચિ. સાગર મનિષ પંચોલી
.......
અલંકાર-મુંબઇ

## નવયુગ શુભેચ્છક
## પ્રથમ પૂણ્યતીથીએ
## હાર્દિક શ્રંદ્ધાંજલિ



### સ્વ. જેકોરબેન વિઠ્ઠલદાસ પંચોલી

જન્મ : ૨૪ : ૧૧ : ૧૯૨૦
સ્વર્ગવાસ : ૦૭ : ૦૬ : ૨૦૧૨

' પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત,
પરિશ્રમ જેનું કર્તવ્ય, પરમાર્થ જેની ભકિત તથા
દિર્ધદ્રષ્ટિ વાળું આયોજન અને સમજણ પૂર્વકની કરકસર હતી.
એવા અમારા પૂ. જેકોરબા ચંદન જેવું જીવન જીવીને શીતળતા
અમો સૌને આપી ગયા, ખુદ ઘસાયને સૌને કાજે સૌરભ બની
પ્રસરી ગયા, આપનો પરોપકારી વ્યવહાર કુશળ કુટુંબ ભાવનાના
અમો સૌને દર્શન કરાવી સુખ સાગરમાં વહેતા મુકી ગયા....
પરોપકાર આપનું રટણ હતું અને પરિશ્રમ આપનું કર્તવ્ય હતું
આવો સંસ્કારિક વારસો અમો સૌને આપી આપ દત્તશરણ થયા..
આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ મળે એજ
પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના સહ કોટી કોટી વંદન

### અર્પણકર્તા

| | |
|---|---|
| પનસભાઈ વિ. પંચોલી | સ્વ. રમીલાબેન પી. પંચોલી |
| ઠાકોરભાઈ વિ. પંચોલી | જયોતિષબેન ટી. પંચોલી |
| ચેતનભાઈ વિ. પંચોલી | જયોતિબેન સી. પંચોલી |
| ભુપેન્દ્રભાઈ વિ. પંચોલી | જયશ્રીબેન બી. પંચોલી |
| પ્રવિણભાઈ વિ. પંચોલી | મમતાબેન પી. પંચોલી |
| પુષ્પકાંત વિ. પંચોલી | ભાવનાબેન પી. પંચોલી |
| સ્વ. પરસોત્તમદાસ જે. પંચોલી | સ્વ. સુશીલાબેન પી. પંચોલી |
| રાજેશભાઈ ગોરધનભાઈ પંચોલી | હંસાબેન રાજેશભાઈ પંચોલી |
| પ્રવિણચંદ્ર છોટુભાઈ દેસાઈ | ભદ્રાબેન પ્રવિણચંદ્ર દેસાઈ |

તથા સમસ્ત પરિવાર

## નવયુગ શુભેચ્છક
## પ્રથમ પૂણ્યતીથીએ
## હાર્દિક શ્રંદ્ધાંજલિ



### સ્વ. શ્રી મણીલાલ ભુલાભાઈ પંચોલી

જન્મ : ૧:૧:૧૯૨૭ ઉ.વ. : ૮૫ સ્વર્ગવાસ : ૦૯:૦૬:૨૦૧૨

' પડખે ઉભા રહી ટેકો દીધો સદા,
આજે સાદ તમારો સંભળાય નહીં.
સહવાસની સુવાસને કદીય વિસરાય નહીં,
કંડારી ગઈ એક નવી કેડી ખેલદીલી તમારી.
જીંદગી જીવવાની, સદા નત મસ્તકે નમન કરીએ,
આપની જીવન જીવવાની રાહને.
અમ અંતરે, હૈયે રહેશો આપ સદા.....'
એજ અમારી

કિરણ મણીલાલ પંચોલી
અ.સૌ. પ્રીતિ કિરણ પંચોલી
ચિ. કૌશલરાજ કિરણ પંચોલી
ચિ. હેતલ કિરણ પંચોલી

૨૦૨, ૨જે માળે, વિંગ-એ, ગણેશકૃપા બિલ્ડીંગ,
બ્રહ્માકુમારી સેન્ટર સામે, પ્લોટ ૬-ડી,
દત્તાત્રેય રોડ, સાંતાક્રુઝ(પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૫૪ AS.
ફોન : (૦૨૨) ૨૬૬૧ ૪૦૩૨
મોબાઈલ : ૦૯૩૨૨૨ ૬૩૫૨૮

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત
જુલાઈ – ૨૦૧૩
પંચોલી નવયુગ

**પ્રકાશનનું સ્થળ**
ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઈલ્સ સામે, રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા** : માસિક
પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | | |
|---|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ | ૬,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ | ૨૦૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ | ૨૫૦૦/- |
| કલર પેજ ફક્ત દિપોત્સવીઅંક (એક ફોટો ફ્રી) | ₹ | ૧,૫૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ | ૧,૨૦૦/- |
| અડધુ પેજ | ₹ | ૬૦૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ | ૬૫૦/- |
| પા પેજ | ₹ | ૩૦૦/- |
| પા પેજ એક ફોટા સાથે | ₹ | ૩૫૦/- |

(પા પેજ અને અડધા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

| | | |
|---|---|---|
| નવયુગ શુભેચ્છક | ₹ | ૧૫,૫૫૫/- |

(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

| | | |
|---|---|---|
| નવયુગ શુભચિંતક | ₹ | ૨,૫૨૫/- |

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | | |
|---|---|---|
| માસિક કિંમત | ₹ | ૫/- |
| વાર્ષિક લવાજમ | ₹ | ૫૦/- |
| નવયુગ શુભેચ્છક | ₹ | ૧૫,૫૫૫/- |
| નવયુગ શુભચિંતક | ₹ | ૨,૫૨૫/- |

# તંત્રીશ્રીની કલમે......

સુજ્ઞ જ્ઞાતિજનો,

કુશળ હશો.

સુંદર અને સરસ પણ સમય કરતાં પહેલાં વર્ષારાણીનું આગમન સૌને પ્રફુલ્લીત તો કરી ગયું પણ સાથે સાથે ઉત્તરાખંડમાં આભ ફાટયું અને તારાજી સર્જી ગયું. ગંગોત્રી, જમનોત્રી, બદરી કેદારનાથ જેવા ધાર્મિક અને મહત્વના દેવસ્થાનો ખેદાનમેદાન થઈ ગયા, માણસો તણાય ગયાં, વહાનો તણાય ગયા, મકાનોતો પત્તાના મહેલની જેમ પાણીમાં ગરક થઈ ગયા. હજારોની સંખ્યામાં માણસો મોતને ભેટયા. જવાન સૈનિકો પણ બચાવ કાર્ય કરતા કરતા શહીદ થયા... કુદરત રૂઠે છે ત્યારે કોઈની નથી થતી. એનો પરચો આપણે જોઈ લીધો... પરમકૃપાળુ પરમાત્માને એક જ પ્રાર્થના કે આ ધાર્મિક સ્થળે દેવલોક પામનાર સર્વેને પરમ શાંતિ અર્પે અને એમના ચરણોમાં સ્થાન આપે.

આપનું લૉકલાડિલું નવયુગની પ્રગતિ આપ સૌ જાણો જ છો... દર મહિને નિયમિત પ્રકાશિત થઈ આપના દ્વાર પર આવે છે... અને નવયુગ જોતા સ્વજનને મળ્યા જેવો આનંદ પણ થતો હશે....પરંતુ જે એકમોને પાર્સલ દ્વારા નવયુગ મોકલવામાં આવે છે તેમને નિયમિત નવયુગ મળી જાય છે.. પરંતુ મોટો પ્રશ્ન છે પોષ્ટમાં જતા નવયુગનો, જે ઘણાંને મળે છે અને નથી પણ મળતા તો આ માટે શું કરી શકીએ ? ? ?

નવવયુગ છેલ્લાં ૫૧ વર્ષથી નિયમિત પ્રકાશિત થાય છે અને એને પણ મોંઘવારીના માર પડયા છે.. અત્યારે તો નવયુગ દિવાળીની જાહેરાતો, નવયુગ શુભેચ્છકો અને શુભચિંતકો તથા જ્ઞાતિજનોને ત્યાં આવતા સારા નરસા પ્રસંગે મળતી ભેટો દ્વારા થઈ રહે છે.. પરંતુ આર્થિક રીતે એને પણ પગભર કરવું શું જરૂરી નથી....? ? ?

છેલ્લા ચાર વર્ષથી નવયુગ પોર્ષ્ટીંગ રજીસ્ટ્રેશન રદ થયું ત્યાર પછી નવયુગને પોર્ષ્ટીંગનો વધારાનો ખર્ચ પણ સહન કરવાનો આવ્યો છે...આ માટે દરેક એકમને વિનંતી કે પોર્ષ્ટીંગ ખર્ચને પહોંચી વળવા નવયુગને વિશેષ મદદ કરે... અમુક એકમો પોર્ષ્ટીંગ માટે ભેટ આપે જ છે. તો દરેક એકમો આ માટે ચર્ચા વિચારણા કરી નવયુગને કંઈ ને કંઈ પણ સહાય મળવી જોઈએ એવું નથી લાગતું ? ? ?

નવયુગ દરેક જ્ઞાતિજનોને મળવા જોઈએ એ માટેના પ્રયત્નો થાય જ છે છતાં નવયુગ નથી મળતાના ફોન આવતા રહે છે... તો આ માટે આપણે શું કરી શકીએ ???

ઉપરોકત પ્રશ્નો આપના એકમમાં ચર્ચા કરી સામાન્ય સભામાં એનો ઉકેલ મળે એવી આશા રાખું.....અસ્તુ.

દિનેશ મિસ્ત્રી

# પ્રમુખ નોંધ......

સુજ્ઞ જ્ઞાતિજનો,

જ્ઞાતિના વડીલો, માતા, ભાઈઓ, બહેનો, યુવાનો, યુવતીઓ તથા વ્હાલા બાળકો. આપ સૌ ખુશી આનંદમાં હશો. કુશળ હશો અને હંમેશા આનંદમાં રહો, સ્વસ્થ અને તંદુરસ્ત રહો, એવી મનોકામના કરતાં આપ સૌ સાથે આ કદાચ છેલ્લી પ્રમુખ નોંધ આપી રહ્યો છું. પરંતુ નવયુગના માધ્યમથી છેલ્લા ચાર વર્ષથી મળતાં મળતાં હવે નવયુગ સિવાયના માધ્યમ થકી મળતા રહીશું એવી આશા રાખું છું. અને આપ સૌ જ્ઞાતિજનોનો પ્રેમ તથા સહકાર મળતો રહેશે એવી ભાવના થકી હું પણ આપ સૌને સહકાર આપતો રહીશ એવી ખાત્રી આપું છું.

પરમ કૃપાળુ પરમાત્મા થકી મને આજથી નવ વર્ષ પહેલા શ્રી પંચોલી સેવા સમાજ, સુરત એકમના પ્રમુખ તરીકે નિમણૂંક કરી સમાજની સેવા કરવાનો મોકો મળ્યો. અને સુરત એકમને સંગઠન અને સહકાર થકી જુદા જુદા કાર્યક્રમો કરાવીને જાગૃત કરી અને સમાજમાં એક નવી ચેતનાનો વ્યાપ વધારી અને સમાજ પ્રત્યેની લાગણી શું કહેવાય એનો યુવાનો સાથે કદમ મીલાવી અને સુવર્ણ જયંતિ મહોત્સવ અને સુવર્ણ જયંતિ અધિવેશન સુધીની સફળતા મેળવવાનો લાભ મળ્યો. છેલ્લા ચાર વર્ષથી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રમુખ તરીકે સ્થાપિત થઇ સુરત તથા અન્ય એકમના જ્ઞાતિજનો સાથે સંગઠન અને સહકારથી કાર્ય કરવા માટે એક તક ઉભી થઇ. અને પરમકૃપાળુ પરમાત્માના આશીર્વાદના કારણે અને તેમની સોંપેલી જવાબદારી વિશ્વાસપૂર્વક નિભાવવાના કારણે સુરત તથા સુરત સિવાયના અન્ય એકમો પણ ગિરીશભાઈને મહામંડળના પ્રમુખ તરીકે સહકાર આપતો થયો. જોત જોતામાં આ કાર્યકાળ બરોબર છેલ્લા ચાર વર્ષ સુધી જુદા જુદા કાર્યક્રમ ને એકમો થકી અમલમાં મુકી કર્યા અને ઘણાં કાર્યક્રમો સફળ થયાં, અને ઘણાં કાર્યક્રમોમાં આંશિક સફળતા મળી છતાં પ્રયત્નો ચાલુ રાખી છેલ્લે સુધી નવા વિચારો, નવો અભિગમ તથા રચનાત્મક કાર્યક્રમ કરવા માટે પ્રેરણા મળી. આકાંક્ષા, વિઝન-૨૦૨૦ તેમજ મેગા મેડીકલ ચેકઅપ કેમ્પ તથા યુવા પરિચય મેળા તથા સમૂહલગ્ન જેવા તેમજ શૈક્ષણિક વર્કશોપ જેવા કાર્યક્રમો કરતાં કરતા સુવર્ણ જયંતિ અધિવેશન તેમજ સુરત એકમનો સુવર્ણ જયંતિ મહોત્સવ એક શાનદાર સ્થળે અને શાનદાર રીતે ઉજવણી કરવા માટેનો નવો વિચાર તેમજ તેના ખર્ચને પહોંચી વળવા માટે હિંમત બતાવવાનો અને તેને સફળતાપૂર્વક પાર પાડવાની શકિત પરમકૃપાળુ પરમાત્મા તરફથી મળી. સમાજના યુવાનોનો સહકાર પણ મળ્યો. ઘણી ખુશી થઇ. જીવનમાં આવી તક ભાગ્યશાળીને જ મળે છે. અને એ તક મને મળી. હું પરમકૃપાળુ પરમાત્માનો અંતઃકરણથી આભાર વ્યકત કરું છું.

છેલ્લે એક ખાસ મનદુઃખ થાય એવો અનુભવ થયો. નવયુગ મે-૨૦૧૩ના અંકમાં સમાજના ગ્રેજયુએટ યુવાનો માટે એક ટ્રેનીંગ પ્રોગ્રામનું આયોજન માટેની (TCS) તરફથી આપેલ તક વેડફાઇ ગઇ. સમાજન ગ્રેજયુએટ યુવાનો માટે (TCS) તરફથી આ ટ્રેનીંગ કેમ્પનું વિના મૂલ્યે આયોજન માટેની તૈયારી કરી પરંતુ અફસોસ કે સમાજના યુવાનોએ આવી અગત્યની તક જવા દીધી (TCS ના જણાવ્યા મુજબ) આ કેમ્પમાં ભાગ લેનારને યોગ્ય ટ્રેનીંગ આપ્યા બાદ સર્ટીફિકેટ પણ મળનાર હતું અને તેમાંથી યોગ્ય ઉમેદવારને (TCS)માં નોકરી આપવાની પણ ઓફર હતી. અને શરત હતી કે ઓછામાં ઓછા ત્રીસ ઉમેદવાર થાય તો જ આ કાર્યક્રમ થઇ શકે પરંતુ સમાજમાં જાગૃતીનો અભાવ એટલો છે કે સમાજ તરફથી છોકરી માટે યુવા પરિચય મેળો કે નોકરી માટે આવા કેમ્પના આયોજન છતાં કેટલી બેદરકારી છે કે સહકાર આપવાની વાત તો પછી પણ પોતે લાભ લેવાનો પણ વિચારતાં નથી.

સમાજના દરેક ઉંમરના જ્ઞાતિજનોને મારી ખાસ અંતરથી વિનંતી છે કે સમાજ સંગઠન થકી જ આપણી પ્રગતિ છે. અને સમાજના દરેક કાર્યક્રમોમાં ઉત્સાહથી ભાગ લઇ દરેક કાર્યક્રમને સફળ બનાવવા માટે હવે પછી પણ જાગૃત થશો અને નવા આવનારા હોદ્દેદારોને તમારો સહકાર આપી સમાજને સંગઠીત રાખી યોગ્ય પ્રગતિ કરશો અને એકબીજાને મદદરૂપ થશો એવી અંતરથી વિનંતી છે.

ચાર વર્ષના કાર્યકાળ દરમ્યાન સમાજના ભંડોળને કદાચ વધારી શકવાના પ્રયત્નો ટુંકા પડયા અને ભંડોળ જે રીતે વધવું જોઇએ તે ના વધી શકયું પરંતુ તમામ ભંડોળ થકી થતી યોગ્ય આવકને યોગ્ય તેમજ ખરેખર જરૂરીયાતવાળી વ્યકિતને મદદ મળે તેવા પ્રયત્નોમાં સારી સફળતા મળી તે બદલ દરેક એકમના હોદ્દેદારોનો આભાર માનું છું. નવા ક્રાંતિકારી વિચારો અમલમાં મૂકયા અને નવી ટેકનોલોજી મુજબ સમાજને વેબસાઇટની પ્રાપ્તિ કરાવી અને વેબ સાઇટ થકી સમાજને વધુ સંગઠીત કરી એકબીજા સાથે જ્ઞાન અને માહિતીનો ખજાનો વહેંચો અને પ્રગતિ કરાવો.

આ વર્ષાઋતુમાં વરસાદની શરૂઆત સારી થઇ છે. સારો વરસાદ થશે તેમજ ખેતીવાડી થકી પ્રજાને રાહત થશે એવી આશા છે. પરંતુ દુઃખદ વાત ચારધામ યાત્રાળુઓને નડેલ ભયંકર દુર્ઘટનાનો અનુભવ થયો અને હજારો યાત્રાળુઓ મરણ પામ્યા, હજારો લાપતા થયા તેમજ બાકી બચ્યા તે પણ દુઃખી છે. પ્રભુ સર્વેને હિંમત આપે, ખુશ રાખે અને સુખી કરે એવી અભિલાષા સહ સૌનો આભાર...અસ્તુ

ગિરીશચંદ્ર આઇ. ગજ્જર
પ્રમુખ-શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

# મા...ભારતી વિલાપ કરે છે....

મંજુલાબેન બી. મિસ્ત્રી
બિલીમોરા

હે શું કહ્યું ? તમે મને ન ઓળખી ? એમાં નવાઇ પામવા જેવું પણ શું છે ? તમે વર્ષો પહેલા મને જોયેલી, ત્યાર પછી મને આજે જ જોઇને ? ત્યારના મારા સ્વરૂપમાં અને આજના મારા રૂપમાં આસમાન જમીનનો ફરક લાગે છે ને ? તે લાગે જ ને.... તે વખતે સારી દુનિયામાં મારી આણ વર્તાતી. મારી સમૃધ્ધિ અને જાહોજલાલી તથા સંસ્કૃતિના મોં ફાટ વખાણ થતાં. જયારે આજે હું ટી.બી.ના દર્દી જેવી નિસ્તેજ અને નિર્માલ્ય થઇ ગઇ છું. અને મારી આવી દશા કરનારા બીજા કોઇ નહીં પરંતુ મારા પોતાના જ પેટ જણ્યા....

પહેલા હું અખંડિત અને અવિભાજીત હતી. મારા પ્રભાવશાળી વ્યકિતત્વથી આડોશપાડોશના સહુ દેશો અંજાઇ જતા હતાં. હું 'શાંતિના દૂત' તરીકે પ્રસિદ્ધ હતી. પરંતુ આજે મારા પોતાના એ મને નાના નાના ટુકડામાં વિભાજીત કરી નાંખી છે. કોઈકે ધર્માંધ બની, ધર્મયુદ્ધો રૂપી ખંજર મારી પીઠમાં ભોંકયા છે. તો કોઈકે લાંચ-રૂશ્વતના ભ્રષ્ટાચારના બાણોથી મારી છાતી વિંધી નાંખી છે, તો કોઈકે બાળત્કાર અને નિર્લજતાના તમાચા મારી આંખો ફોડી નાંખી છે. તેઓ મા, બહેન, દીકરી અને પત્નીમાં કોઇ જ ફરક સમજતા નથી. મારા કેટલાંક સંતાનોએ પોતાનો સ્વાર્થ સાધી, માલેતુજાર બનવા નિતનવા કૌભાડો દ્વારા મારા મગજને પારાવાર ક્ષતિ પહોંચાડી છે. મારા અસ્તિત્વનો છેદ ઉડાડી રહ્યાં છે. મારા કેટલાક સંતાનોએ ઠેર ઠેર મઠો અને આશ્રમ સ્થાપી ત્યાંના કહેવાતા પવિત્ર વાતાવરણમાં પોતાની શિષ્યાઓની સાથે અનૈતિક સંબંધો બાંધી મારું માથુ શરમથી ઝુકાવી દીધું છે. મહાભારતમાં દ્રૌપદીનું વસ્ત્રાહરણ તો ફકત એકવાર જ થયું હતું. પરંતુ મારા પોતાનાઓ પોતાના પાપકૃત્યોથી મને છાસવારે ઉઘાડી કરી રહ્યાં છીએ. મારી સંસ્કૃતિની પશ્ચિમના દેશોમાં વાહ વાહ થતી હતી પરંતુ મારા જણ્યાઓ મેં આપેલા સંસ્કારોને નેવે મુકી આજે પાશ્ચાત્ય સંસ્કૃતિનું આંધળુ અનુકરણ કરી મને નાલેશીના વિષપાન કરાવી રહ્યાં છે. મારી છલકાતી દૂધ અને ઘીની સરવાણીનો આસ્વાદ માણવાને બદલે શરાબ સુંદરીના સંગે મને રકતપિત્તના દર્દીની જેમ ગંધાતી કરી દીધી છે.

આજની સ્ત્રીઓને હું સલાહ આપું છું કે તમે માતા ન બની શકો તો તેનો જરાય રંજ કે વસવસો કરશો નહીં. કારણ કે છોરૂકછોરૂ થાય પણ માવતર કમાવતર ના થાય એ ઉકિતને આત્મસાત કરી આજના બાળકો માતાના દિલને નિર્દયતાથી છૂંદી રહ્યાં છે. પોતે ગમે તેવા ગુનાઓ કરશે, માતા સાથે ગમે તેવું તેવું વર્તન કરશે તો પણ તે મા હોવાથી આપણને ઉદારતાથી માફ જ કરી દેવાની છે. એવું તેઓ સમજી બેઠા છે. અને આપણી માતાની લાચારી પણ જુઓ ! આપણે મોં માંથી ઉફ કર્યા સિવાય મનમાં સળગતા-ઉકળતા લાવારસને બહાર નિકળવા દેતી નથી અને અંતરને અગનપીછોડી ઓઢાડી ઢાંકી રાખે છે.

આમ હું તો રણ મેદાનમાં ઘવાયેલા, યોદ્ધાની જેમ લોહી નીંગળતા અંગો સાથે જીવી રહી છું. મારા આ અસાધ્ય દર્દની દવા કરનાર કોઇ મસીહા છે ખરો કે જે મારી વહારે ધાશે.....

# પુરૂષાર્થ અને આત્મવિશ્વાસ કેળવીએ..............

આપણાં જીવનને સફળ બનાવવાની ઘટનાઓનું સર્જન કરવાની શકિત તો આપણાંમાં છે જ, પણ એનો ઉપયોગ કરતાં શીખવાની જરૂર છે. આપણી વર્તણુંકથી આપણે પોતે સંજોગો ઉભા કરી શકીએ છીએ. આપણે પ્રગતિ કરવા માંગતા હોઇએ તો કોઇ તાકાત આપણને અટકાવી શકતી નથી. પોઝીટીવ વિચારો માટે શારીરિક સ્વાસ્થ્ય અનિવાર્ય છે. જે કસરતથી મળે છે. યોગ અને સાત્વિક ખોરાક તાજગી પ્રદાન કરી આપણાં મનને પ્રફુલ્લિત રાખે છે.

આપણે ધારીએ તે મેળવવાની શકિત આપણામાં રહેલી છે. તે માટે આત્મવિશ્વાસ કેળવવાની જરૂર છે. એનો પ્રયોગ કરી શીખવવાની જરૂર છે. આપણો ધ્યેય સ્પષ્ટ રીતે નક્કી કરી લખી રાખીએ, અને પ્રગતિની સમય મર્યાદા નક્કી કરીએ. જીવનને ધ્યેય વિના પસાર ન થવા દઇએ. પ્રગતિશીલ રહીએ. તેમજ ભૂતકાળની ભુલોને બની શકે તેટલી જલ્દી ભૂલી આગળ વધીએ. શિસ્ત અને મહેનત વિના કંઇ જ શકય નથી. પુરૂષાર્થ વિનાની પ્રાર્થના કામ નથી આવતી.

સમય બચાવવા એકાદ કલાકની ઉંઘ ઓછી કરીએ. પોઝેટીવ લોકોના સંપર્કમાં રહીએ. કોઇપણ ઉંમરે શારીરિક રીતે સ્વસ્થ રહેવાની કોશીષ કરીએ. સમય કાઢી પ્રાકૃતિક સૌંદર્ય માણવાની આદત કેળવીએ. રુકાવટથી વિચલિત થયા વિના ધ્યેયસિદ્ધિની દિશામાં સમયના આયોજન સહિત સતત કાર્યશીલ રહીએ..તો જ જીવનને સફળ બનાવી શકાય. ચાલો ત્રવનની પ્રગતિ માટે પુરૂષાર્થ અને આત્મવિશ્વાસ કેળવીએ..

નટુભાઇ પંચોલી-જબુગામ

# સુવાસ - સંસ્કારોની

શ્રી પરેશભાઇ એ. પંચોલી
વલ્લભ વિદ્યાનગર

સંસ્કાર તો દીપક છે..... જીવનને અજવાળે છે, અંધકારને મારી હટાવે છે. આપણાં જીવનની સાચી મુડી જ સંસ્કારો છે. ભીતરી સુવાસ વિના સંસ્કારો ખીલે નહીં. જો જીવનમાં સંસ્કારની સુવાસ ફેલાવી શકીએ તો સોનામાં સુગંધ ભળ્યા જેવો સુઅવસર પ્રાપ્ત થાય.

સંતાનોને 'કાર' ભલે ન આપો તો ચાલશે પણ સંસ્કાર તો જરૂર આપો. જો બાળકોને સંસ્કાર નહીં આપીએ તો સંપત્તિ તેમજ સંતતિ બન્ને ગુમાવવાનો વારો આવે....સાવધાન..

સંસ્કારો પ્રાપ્ત કરવા માટે પરસેવો પાડવો પડશે, પ્રકાશ પાથરવો પડે, જીવનની જમીનને ફળદ્રુપ બનાવે એવા સદ્‌ગુણોનું ખાતર પુરવું પડે. દીપકની જ્યોત કલાકો પર્યંત ટકે, જ્યારે સંસ્કારોની જ્યોત જીવન પર્યંત ટકે છે... સંસ્કાર જ માનવીને પૂર્ણતા તરફ લઇ જાય છે. સભ્યતા પણ સંસ્કાર જ શીખવે છે. કુટુંબમાં....સમાજમાં... શાળામાં.... રાષ્ટ્રોમાં જે કાંઇ સારું થતું હોય તેની સરાહના કરવી એ સભ્યતા અને સંસ્કારોનું રક્ષણ છે.

પૂર્વ જન્મનાં સંસ્કાર... જન્મજાત સંસ્કાર... માતા-પિતાના સંસ્કાર... ઉછેરના સંસ્કાર, આસપાસના વાતાવરણનાં સંસ્કાર.., માહિતી અભ્યાસજન્ય સંસ્કાર.. દેહ છે ત્યાં સુધી આ બધા સંસ્કારો છે. સુસંસ્કારો બે કામ એક સાથે કરે છે.

૧ ખરાબ નિમિત્તોમાં આપણને ખરાબ થતાં અટકાવે છે.

૨ સારા નિમિત્તોમાં સારા બનાવીને જ રહે છે..સુસંસ્કારો પરમકૃપાળુ પરમાત્માની કૃપા જ સમજો.

સારું... ખરાબ...પાપ...પૂણ્ય... સત્ય... અસત્ય વચ્ચેનો ભેદ પારખવાની વિવેક બુધ્ધિ એટલે જ સંસ્કાર. પથ્થરને સંસ્કાર આપવાથી.. ઘડવાથી તે દેવરૂપ બને છે.. માણસના સંસ્કાર આપવાથી તે પવિત્ર બને છે. સંસ્કૃતિનો માપદંડ એટલે સંસ્કાર, સંસ્કૃતિ..સંસ્કારની વૃદ્ધિથી ફાલે છે.. જ્યારે અસંસ્કારીક મુલ્યોની અવગતી થાય ત્યારે સમાજની સંસ્કૃતિ પડી ભાંગે છે. સંસ્કાર વિના યૌવન ઠેબા ખાય..

સંસ્કારીતાએ એકલા ઓઢીને ફરવાની મોંઘી 'સાલ' નથી, પણ અનેકને બેસાડવાની જાજમ છે. ગત જન્મમાં આચરેલી પાપ વૃત્તિઓથી ઉભા થયેલા પાપ સંસ્કારો ખૂબ જ મજબુત છે. તેથી સખ્ત પુરૂષાર્થની અત્યંત આવશ્યકતા છે. કળીયુગના ઘેરા પ્રભાવે સંસ્કારોની ખામી વર્તાય છે અને કર્મકાંડનું જડત્વ રહી ગયું એવા કર્મકાંડો ટકે તો પણ શું ? અને ન ટકે તો પણ શું ? જીવન વ્યવહારમાં ફર્ક ન પડે તો એવા કર્મકાંડનો શો અર્થ.. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે..? જ્યારે બાહ્યાંતર ક્રિયાકાંડથોથી મુક્ત થળશું ? સુસંસ્કારો હશે તો વિકારો જશે. વિકાસ થશે. માનવ જીવન સંસ્કારોથી સુવાસિત બનશે... બીજા માટે દીવાદાંડી રૂપ બની જશે...

# નર જન્મ કિસકા હે સફળ....

દુઃસંગ મે જાતા નહીં, સત્સંગ કરતા નિત્ય હૈ
દુગ્રન્થ ન પઢતા કભી, સદ્‌ગ્રંથ પઢતા નિત્ય હૈ.
શુભ ગુણ બઢાતા હૈ સદા, અવગુણ ઘટાનેમેં કુશલ,
મન શુધ્ધ હે વશ ઇન્દ્રીયાઁ, નર જન્મ ઉસકા હૈ સફલ.

ધનકા કમાના જાનતા, ધન ખર્ચ કરના જાનતા,
સજ્જન તથા દુર્જન તુરંત, મુખ દેખતે પહેચાનતા,
હો પ્રશ્ન કૈસા હો કઠીન, ઝટ હી સમજ કર દેય હલ
ધર્મજ્ઞ ભી મર્મજ્ઞભી, નર જન્મ ઉસકા હૈ સફલ

ચિંતા ન આગે કી કરે, ના સોચ પીછે કા કરે,
જો પ્રાપ્ત હો સો લેય કર, મનમેં ઉસે નહીં ધરે.
જ્યો સ્વચ્છ દર્પણ ચિત્ત અપના નિત્ય ત્યોં રખે વિમલ
ચઢને ન ઉસ પર દેય મલ, નર જન્મ ઉસકા હૈ સફલ

લાયા ન થા કુછ સાથ મેં, ના સાથ કુછ લે જાયેગા,
મુઠ્ઠી બઁધા આયા યહાઁ, ખોલુ યહાઁ સે જાયેગા,
રોતા હુઆ જન્મા યહાઁ હસતાઁ હુઆ જાયે નિકલ,
રોતે હુએ સબ છોડકર, નર જન્મ ઉસકા હૈ સફલ.

બાંધવ ન જાતે સાથમે, સબ રહ યહાઁ હી જાય હૈ,
નાતા નિલાપા બહુત, મર્ઘટ માઁહિ પહુઁચા આપ હૈ,
ઐસા સમજ વ્યવહાર ઉનશે, ધીર જો કરતા સરલ,
ના પ્રીતિ હી ના, બૈર હી, નર જન્મ ઉસકા હૈ સફલ.

મમ દેહ હૈ તૂ માનતા, તવ દેહ સે તૂ અન્ય હૈ
હૈ માલ સે માલિક અલગ, યહ બાત સબકો મન્ય હૈ,
જબ દેહ સે તુ ભીન્ન હૈ, ક્યોં ફીર બને હૈ દેહ મલ,
જો આપકો જાને અમલ, નર જન્મ ઉસકા હૈ સફલ.

તુ જાગને કો, સ્વપ્નકો, અરૂ નિંદ કો હૈ જાનતા,
યે હૈ અવસ્થા દેહ કી ક્યોં આત્મા ઇનકો માનતા ?
ના જન્મ તેરા, ના મરણ, તુતો સદા હી હૈ અટલ
જો જાનતા આત્મા અચલ, નર જન્મ ઉસકા હૈ સફલ.

કારણ બના હૈ જબ તલક, ના કાર્ય તબ તક જાયેગા,
ભોલા બના હૈ ચિત્ત તબ તક, ચૈત્યના છુટ પાયેગા,
પાતા વહી સામ્રાજ્ય અક્ષય, ચિત્ત જીસકા જાય ગલ,
ઇસ ચિત્તકો દેવે ગલાપ નર જન્મ ઉસકા હૈ સફલ.

રાકેશકુમાર વિઠ્ઠલદાસ પંચોલી-રાજપીપલા

નવયુગ શુભચિંતક શ્રી હિરાલાલ અમૃતલાલ મહેતા સુરત શ્રી હરકીશનદાસ ભગવાનદાસ પંચોલી સુરત

# કાવ્યો.......

## મેઘારે...મેઘા.....

ગરમીથી ત્રસ્ત થઇ માનવીને ધરા,
પાણી પાણીનો કરે પોકાર
દેડકા - દેડકી પરણાવો,
જોડી જાજેરી જાન.
પછી
વરસ્યો રે વરસ્યો એવો અનરાધાર
જાણે ઈશ્વર પણ થઇ ગયો પાગલ
આપું આપું કહે પણ આપે નહિં
પછી આપ્યું તો એવું
કંઇ કામનું નહિં
ધરતીને થઇ ગયો જાણે અપચો
તૃપ્તિના ઓડકારને બદલે થઇ ગયું અજીર્ણ
બધે વમન જ વમન
જયાં જુઓ ત્યાં પાણી જ પાણી
છતાં યે
લોકો પાડે પોકાર પાણી પાણી !
ક્યાંક ખાવાના ફૂડ પેકેટ,
ક્યાંક પાણીના પાઉચ
ક્યાંક કેશ ડોલની બૂમરાણ
વળી નેતાનું ક્યાંક કમઠાણ
જયાં જયાં નજર મારી પડે
ગંદકી ભરી ત્યાં અપાર
આ ભીની ધરામાં
જુઓ
માખીનો બણબણાટ
મચ્છરનો ગણગણાટ
અફસરોનો ધડધડાટ,
હેલીકોપ્ટનો ફડફડાટ
માનવીઓનો બડબડાટ,
લાશોનો સડસડાટ
મોંઘા થયા ધન ને ધાન, ભૂખ્યા જણ પાડે
બૂમરાણ
થંભો રે થંભો હવે
મેઘા રે મેઘા !
શોભાબેન કિ. મિસ્ત્રી " અક્ષય " બીલીમોરા

## જીવન જીવવાની કળા

જિંદગીમાં કોઈનાં ઓશિયાળા બનશો નહીં,
જીવન જીવો તો જવામર્દની જેમ જીવો,
પ્રભુએ આપેલ અણમોલ જીવન,
કુકર્મો, પાપો અને પંચાતમાં નહીં વેડફો,
સજજનોનો, જ્ઞાનિઓનો સત્સંગ કરો,
સદ્કર્મો કરી જીવનપંથ પાવન કરો,
નિરાશા, દુઃખ અને મુશીબતોનો પ્રતિકાર કરો.
કાયરતાની છાયાને જડમુળથી દફનાવો,
રોતી સૂરત રાખી જીવનભર મુંઝાશો નહી.
હસ્તે વદને ભવસાગર પાર કરો.
સામે પૂરે તરનારને પ્રભુ પણ સાથ આપે છે.
સાહસથી જીવન નાવને તોફાનમાંથી પાર કરો.
હરીશભાઇ સી. પંચોલી-સુરત

## આરાધના

સૂર સ્વામીની સરસ્વતીની આરાધના કરીએ,
વીણાધારણી, મયુરવાહીની, મા શારદાને નમીએ
....સૂર સ્વામીની
પરદુઃખ ભંજન મુશકસવાર, વિપદા સહુની ઉતારે પાર,
એવા પરોપકારી ગણેશજીને કરજોડી નમીએ
.....સૂર સ્વામીની
ભસ્માસુરનો નાશ કરી ગાંગાજીને શીરે ધરી
ત્રિશુળધારી, જટાધારી, શીવશંકરને નમીએ
.....સૂર સ્વામીની
બૂહ્માએ સૃષ્ટિ રચી, માનવ કેરી માયા સર્જી,
એ પિતા સમોવડ બ્રહ્માજીને કેમ કરી ભુલીએ
.....સૂર સ્વામીની
'અધીર' થઇ સહુ બાળો, લઇ પૂજન કેરી થાળો
પવિત્ર મને મા અંબેમાના દર્શનીએ જઇએ
.....સૂર સ્વામીની
અમૃતભાઇ સી. પંચોલી 'અધીર' - અંધેરી

# સમાજ સુરક્ષા + આરોગ્ય વીમા યોજના

**ઠરાવ :** સમાજ સુરક્ષા યોજનાનું સમાજ સુરક્ષા પ્લસ આરોગ્ય વીમા યોજનામાં પરિવર્તન કરવું.

**ફાયદા :** હાલના મોંઘવારીના જમાનામાં આરોગ્ય સેવા સામાન્ય માનવી માટે સ્વપ્નવત થઇ ગઇ છે. ત્યારે આ યોજનામાંથી યોજનાના સભ્યને નીચેની બીમારી-ઓપરેશન માટે ૪૦ થી ૫૦ હજારની મદદ મળી શકશે.

(૧) હૃદયરોગ - એન્જીયોપ્લાસ્ટી, બાયપાસ સર્જરી

(૨) કિડની ટ્રાન્સપ્લાન્ટ

(૩) કેન્સર - બ્રેઇન ટયુમર ઓપરેશન + રેડીયોથેરાપી, કેમોથેરાપી.

જો દરેક વ્યકિત રૂા. ૩૦ વધારાનો ફાળો આપે તો હાલની સંખ્યા પ્રમાણે રૂા. ૪૨ હજાર અને જો રૂા. ૪૦ ફાળો આપે તો ૫૬ હજાર રૂપિયા સહાય કરી શકાય

**નિયમો :**

- ❖ ઉપરોકત સહાયનો લાભ યોજનામાં ૫ વર્ષ પુરા કરનાર સભ્યને જ મળવાપાત્ર રહેશે. સહાયનો લાભ સભ્યને ફકત એકવાર જ મળશે.
- ❖ સહાયની અરજી સાથે ઓરીજીનલ બીલ જમા કરાવવાના રહેશે.
- ❖ જેઓ પાસે મેડીકલેમ છે તેમને ૫૦ ટકા સહાય આપવામાં આવશે. (અરજી સાથે એટેસ્ટેડ કોપી જમા કરાવવી, ઓરીજીનલ બીલ પરત મેળવી લેવા.)
- ❖ દર વર્ષે એપ્રિલ / મે મહિનામાં સમાજ સુરક્ષા યોજનાના ફાળા સાથે આરોગ્ય ફાળો લેવામાં આવશે. આ યોજનાની શરૂઆતમાં તા. ૦૧.૦૪.૨૦૧૪ના રોજ એડવાન્સમાં રૂા. ૧૦૦/- આરોગ્ય પ્રીમીયમ + સમાજસુરક્ષાના ફાળા સાથે આપવાના રહેશે.
- ❖ આ યોજનામાં ૭૫ ટકાથી વધુ સભ્યો લેખિત સંમતિ આપે તો જ આ યોજના અમલમાં આવશે.
- ❖ તા. ૦૧.૦૪.૨૦૧૪થી આ યોજના અમલી બનશે.
- ❖ તા. ૦૧.૦૪.૨૦૧૪ પછી સારવાર ઓપરેશન કરાવનારને જ લાભ મળશે.

ઉપરોકત સમાજ સુરક્ષા યોજનામાં કરવાના ફેરફાર અંગે આપના એકમની મિટીંગમાં ચર્ચા કરી સુચનો તુરત મોકલશો. આ અંગે ચર્ચા માટે સામાન્ય સભામાં હાજર રહેવા વિનંતી.

ડો. મહેશ એમ. મિસ્ત્રી
૭, મેઘના આર્કેડ, બીજે માળે, ચૌટાબજાર પોલીસચોકી સામે, અંકલેશ્વર-૩૯૩ ૦૦૧
મો. : ૯૮૨૫૨ ૮૨૭૮૯
ફોન : ૦૨૬૪૬-૨૪૬૬૧૧(ઘર) ૨૪૬૫૧૧(ઓ)




## લગ્નજીવનની હાર્દિક શુભેચ્છાઓ......



**રશ્મીકાબેન - દિપનકુમાર**
લગ્ન તા. ૧૬.૫.૨૦૧૩

શુભેચ્છક
નવિનચંદ્ર કાંતિલાલ પંચોલી
રમીલાબેન નવિનચંદ્ર પંચોલી
હિમેનકુમાર નવિનચંદ્ર પંચોલી
નયનાબેન હિમેનકુમાર પંચોલી
નવાપરા ભટ્ટશેરી, રાજપીપલા

સુભાષભાઇ બી. પંચોલી
ઇલાબેન સુભાષભાઇ પંચોલી
રાજેશચંદ્ર સુભાષભાઇ પંચોલી
કુંભારવાડા, નવાપુર, મહારાષ્ટ્ર

# સંસ્થા સમાચાર......

## શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારા

તા. ૦૯/૦૬/૨૦૧૩ નાં રોજ શ્રી પંચોલી જ્ઞાતિ સમાજની સામાન્ય સભા સમાજની વાડીમાં મળી હતી જેમાં સમાજનાં પ્રમુખશ્રી મનીષભાઇ પંચોલી એ સૌ જ્ઞાતિજનોને સભામાં આવકાર્યા. ત્યારબાદ એજન્ડા મુજબની કામગીરી હાથ ધરાઇ.

એજન્ડા નં. ૧ : દિવંગત આત્માઓને શ્રધ્ધાંજલી આપવા બાબત.

વર્ષ દરમ્યાન દિવંગત પામેલા સ્વ. રમણભાઇ રતીલાલ પંચોલી, સ્વ. હરકીશનભાઇ ઝીણાભાઇ પંચોલી, સ્વ. અંબેલાલ ગોકળદાસ પંચોલી, સ્વ. પ્રવીણચંદ્ર ભીખુભાઇ પંચોલી, સ્વ. વિજયભાઇ નવનીતભાઇ પંચોલી, સ્વ. મીનાબેન રાજેન્દ્રભાઇ પંચોલી , સ્વ. પ્રભાબેન રમણભાઇ પંચોલી, સ્વ. ચંદનબેન જયંતિભાઇ પંચોલીના આત્માની શાંતી અર્થે સભાએ બે મિનીટનું મૌન પાળી શ્રધ્ધાંજલી આપી.

એજન્ડા નં. ૨ : ગત સામાન્ય સભાનાં ઠરાવનું વાંચન અને બહાલી આપવા બાબત.

તા. ૧૦.૦૬.૨૦૧૨નાં રોજ યોજાયેલી સામાન્ય સભાનાં ઠરાવ નંબર - ૧ થી ૫ નું વાંચન સહમંત્રીશ્રી સુમનભાઇ મીસ્ત્રી એ કર્યું, જેને સભાએ સર્વાનુમતી થી બહાલી આપી.

એજન્ડા નં. ૩ :- પ્રમુખશ્રીનું નિવેદન વાંચનમાં લેવા બાબત.

પ્રમુખશ્રી મનીષભાઇ પંચોલીએ સભા સમક્ષ વાર્ષિક અહેવાલમાં છપાયેલ નિવેદનનું વાંચન કર્યું.

એજન્ડા નં. ૪ :- સને ૨૦૧૨-૧૩ નાં વર્ષનું મંત્રીશ્રીનું નિવેદન મંજુર કરવા બાબત.

મંત્રીશ્રી ભરતભાઇ પંચોલીએ તેમનો વાર્ષિક અહેવાલમાં છપાયેલ નિવેદનનું સભા સમક્ષ વાંચન કર્યુ.

એજન્ડા નં. ૫ :- સને ૨૦૧૨-૧૩ નાં વર્ષનાં ઓડિટ થયેલા હિસાબો મંજુર કરવા બાબત.

મંત્રીશ્રી ભરતભાઇ પંચોલીએ ૨૦૧૨-૧૩નાં વર્ષનાં ઓડિટ થયેલા વાર્ષિક અહેવાલનું વાંચન સભા સમક્ષ કર્યુ. જે બરાબર હોઇ સભાએ સર્વાનુમતે એ મંજુર કર્યા.

એજન્ડા નં. ૭ :- પ્રમુખ સ્થાનેથી રજુ થતા અન્ય કામ.

પ્રમુખશ્રી મનીષભાઇ પંચોલીએ સભા સમક્ષ કારોબારી સભામાં શૈક્ષણિક સહાયમાં થયેલ વધારાની રજુઆત નીચે મુજબ કરી.

❖ ધોરણ : ૧ થી ૧૨ નાં વિદ્યાર્થીઓને રોકડ રૂા. ૨૦૦૦/- ની સહાય કરવી.

❖ આર્ટસ, કોમર્સ, સાયન્સ, આઇ.ટી.આઇ. તથા ખાનગી કોર્ષ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રૂા. ૨૫૦૦/- ની સહાય કરવી .

❖ ડિપ્લોમા, એન્જીનીયરીંગ, બી.બી.એ, બી. સી.એ, બી. એડ, એમ. એડ, એમ.એ, એમ.કોમ, એમ.એસ.સી., એમ. એચ. આર.ડી., કોર્ષ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને રૂા. ૩૦૦૦/- ની રોકડ સહાય કરવી.

❖ ડી. એન્જીનીયરીંગ, એમ.સી.એ., એમ.બી.એ., એમ.ઇ., મેડીકલ, ફાર્મસી, ફિઝિયોથેરાપી, હોમીયોપેથીક, બાયોટેક, બાયોસાયન્સ, માઇક્રો બાયોલોજી તથા અન્યમાં ભણતા વિદ્યાર્થીઓને રોકડ રૂા. ૪૦૦૦/- ની સહાય કરવી.

પ્રમુખશ્રી મનિષભાઇ પંચોલી તેમના હોદ્દેદારોની મુદત પુરી થતી હોય સાથી હોદ્દેદારો સહિત કારોબારી સભાને ફારેગ કરી આગામી નવા હોદ્દેદારોની નિમણુંક કરવા માટે કાર્યકારી અધ્યક્ષ તરીકે શ્રી પ્રશાંતભાઇ ગાંધીની નિમણુંક કરવા દરખાસ્ત મુકી જેને સામાન્ય સભાએ મંજુરી આપી.

એજન્ડા નં. ૮ : આગામી ૩ વર્ષ માટે નવા હોદ્દેદારોની નિમણુંક કરવા બાબત.

આગામી ત્રણ વર્ષ માટે શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારાનાં હોદ્દેદારોની નિમણુંક નીચે મુજબ કરવામાં આવી.

(૧) પ્રમુખ : શ્રી ભરતકુમાર ચંપકલાલ પંચોલી
(૨) ઉપપ્રમુખ : શ્રી નવીનચંદ્ર વિઠ્ઠલદાસ પંચોલી
(૩) મંત્રી : શ્રી હિતેશકુમાર પ્રશાંતભાઇ ગાંધી
(૪) સહમંત્રી : શ્રી નવીનચંદ્ર ચુનીલાલ પંચોલી

પ્રમુખશ્રી મનીષભાઇ પંચોલીએ તેમના ૩ વર્ષનાં કાર્યકાળ દરમ્યાન સમાજના નવયુવાન મિત્રો તથા મહિલા મંડળની બહેનો તેમજ સૌ જ્ઞાતિજનો તરફથી મળેલ સહકાર બદલ સૌનો આભાર માન્યો. ત્યાર બાદ નવા હોદ્દેદારોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ તથા જુના હોદ્દેદારોને વિદાયમાન આપી પ્રીતિભોજન લઇ સહુ છુટા પડયા.

સામાન્ય સભામાં નીચે મુજબનાં દાન મળ્યાં.

| | |
|---|---|
| સ્વ. ભીખીબેન મગનલાલ પંચોલી, વ્યારા | રૂા. ૭૫૦૦/- |
| સ્વ. કાંતીલાલ મગનદાસ પંચોલી , યુ.કે. | રૂા. ૭૫૦૦/- |
| શ્રી રામુભાઇ નાથુભાઇ પંચોલી , વ્યારા | રૂા. ૭૫૦૦/- |
| સ્વ. જયાબેન પરમાનંદભાઇ પંચોલી , વ્યારા | રૂા. ૭૫૦૦/- |

સ્વ. પરમાનંદભાઇ ગણપતભાઇ પંચોલી,વ્યારા રૂા. ૭૫૦૦/-
શ્રી અશોકભાઇ જમનાદાસ ગાંધી,વ્યારા રૂા. ૫૦૧/-

ઉપરોક્ત દાતાઓએ સમાજની વાડીમાં ફોટા મુકવા માટેની સ્કીમમાં દાન આપ્યું. સર્વે દાતાઓનો આભાર.

## શ્રી પંચોલી સમાજ વરિષ્ઠ નાગરિક મંડળ-વડોદરા

વરિષ્ઠ નાગરિક મંડળના જુન માસના સમુહ જન્મોત્સવનો પ્રારંભ શ્રી મધુસુદનભાઇ પંચોલીના નિવાસસ્થાને ઉમાકોલીની, વાઘોડીયા રોડ પર તા. ૧૪ જુન ૨૦૧૩ની સાંજે તેમના પૌત્ર ચિ. જુગલે દીપ પ્રગટાવી કર્યો. શ્રીમતિ પદમાબેને ભજન ગાઇને વાતાવરણમાં શાંતિનો માહોલ રચ્યો. વરિષ્ઠ નાગરિક મંડળના પ્રમુખશ્રી મધુસુદનભાઇએ સૌને આવકાર્યા. સમુહ જન્મોત્સવની ઉજવણીમાં સહયોગ આપવા અપીલ કરી. જન્મોત્સવી ભાઇ-બહેનોનું ગુલાબના પુષ્પથી અભિવાદન કર્યુ. અને નિરામય દિર્ઘાયુ માટે પ્રભુ પ્રાર્થના સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવી. વરિષ્ઠ નાગરિક મંડળના મંત્રીશ્રી ચંદ્રકાંતભાઇએ મંડળના વર્ષ ૨૦૧૨-૧૩ના હિસાબો રજુ કર્યા. કારોબારી સભ્યોએ સર્વાનુમતે હિસાબોને બહાલી આપી. હિસાબો તપાસીને તેના સરવૈયા સાથે તૈયાર કરવા શ્રી ગજુભાઇ મપારાએ લીધેલી જહેમત બદલ આભારની લાગણી વ્યકત કરવામાં આવી.

આજના જન્મોત્સવમાં જાગૃત ગ્રાહકના સંપાદક અનેક પ્રવચનો, વાર્તાલાપ અને વિવિધ સામાયિકો અને વર્તમાન પત્રોના કટાર લેખક તેમજ તેમના ૬ પુસ્તકો પ્રકાશિત થયા છે એવા જાણિતા લેખક શ્રી નારાયણભાઇ શાહનો પરિચય ચંદ્રકાંતભાઇએ આપ્યો. શ્રી નારાયણભાઇએ વિવિધ દ્રષ્ટાંતો આપી ગ્રાહક કયાં અને કેવી રીતે છેતરાય છે એની રસપ્રદ માહિતી, ગ્રાહકના અધિકાર અને ગ્રાહક સુરક્ષા સબંધી શેર-શાયરી અને મુકતકો સહિત માહિતીપ્રદ વાર્તાલાપ આપ્યો. પંચોલી સમાજના પ્રમુખશ્રી અશ્વિનભાઇએ શ્રી નારાયણભાઇની નાદુરસ્ત તબિયત હોવા છતાં ઉપયોગી વાર્તાલાપ આપવા માટે આભાર પ્રદર્શિત કર્યો.

શ્રી મધુભાઇનો જન્મદિન હોવાથી તેમના પૌત્ર શ્રી જુગલે દાદાશ્રી તથા સૌનું સ્વાદિષ્ટ કેકથી મોં મીઠું કરાવ્યું. સ્વરૂચિ ભોજનની સૌ સભ્યોએ મઝા માણી. શ્રીમતિ ઇન્દુબેને શ્રીમતિ શકુંતલાબેન અને તેમના પુત્રવધૂ સૌ. પ્રીતિબેને સમગ્ર પરિવારના સહયોગમાં જન્મોત્સવને યાદગાર બનાવવા લીધેલ જહેમતને બિરદાવી. જન્મોત્સવ નિમિત્તે મળેલ ભેટ...

૨૫૧ શ્રી મધુસુદનભાઇ સી. પંચોલી જન્મદિન નિમિત્તે
૨૦૧ શ્રી રાજેશભાઇ એચ. પંચોલી જન્મદિન નિમિત્તે
૨૦૧ શ્રીમતિ શોભનાબેન અને શ્રી પ્રવિણચંદ્ર સી. પંચોલી જન્મદિન નિમિત્તે
૧૦૧ શ્રીમતિ શકુંતલાબેન વી. પંચોલી જન્મદિન નિમિત્તે
૧૦૧ શ્રીમતિ ઉષાબેન કે. પંચોલી જન્મદિન નિમિત્તે
૧૫૧ શ્રીમતિ પુષ્પાબેન અને બાબુભાઇ આર. મપારા લગ્નની સુવર્ણ જયંતિ નિમિત્તે
૧૫૧ શ્રીમતિ પદ્માબેન અને નરેન્દ્રભાઇ પંચોલી લગ્નની સુવર્ણ જયંતિ નિમિત્તે
૧૫૧ ડો. સૂર્યકાંત એમ. પંચોલી વિદેશયાત્રા(કેનેડા) નિમિત્તે

## શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ સુરત

શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ-સુરતની કારોબારી સભા તા. ૮.૬.૨૦૧૩ના રોજ પંચના પ્રમુખશ્રી હેમંતકુમાર સી. મિસ્ત્રીના પ્રમુખ પદે શ્રી પંચોલી પંચની વાડી, બાવાસીદીનો ટેકરો, ગોપીપુરા સુરત મુકામે મળી હતી. જેમાં નીચે મુજબના કાર્યો કરવામાં આવ્યા હતા. સૌ પ્રથમ પ્રાસંગિક પ્રસ્તાવના બાદ સભાની કાર્યવાહીનો આરંભ કરવામાં આવ્યો. જેમાં

એજન્ડા ૨ : પ્રમાણે અગાઉની કારોબારી સભાની મિનીટસનું વાંચન પંચના મંત્રીશ્રી દક્ષયભાઇ ગજ્જર દ્વારા કરવામાં આવ્યું. જે સર્વાનુમતે મંજુર રાખવામાં આવ્યું હતું.

એજન્ડન ૩ : બાબતે પંચના ખજાનચીશ્રી ઉમેશભાઇ પંચોલીએ વર્ષ ૨૦૧૨-૧૩ના અનઓડિટેડ એકાઉન્ટ રજુ કર્યા હતાં. જેમાં પ્રમુખશ્રી ગિરીશચંદ્ર ગજ્જર અને ઉમેશભાઇ પંચોલીની સ્પષ્ટતા બાદ શૈક્ષણિક સહાયમાં વધારો કરવાનું તથા વૈદકિય સહાયને વધુ સરળીકરણ કરવા મેડીકલ ક્ષેત્ર સાથે સંકળાયેલ જ્ઞાતિબંધુની મદદ લઇ સરળ ફોર્મ બહાર પાડવું એમ નકકી કરવામાં આવ્યા બાદ એકાઉન્ટ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા તથા આ એકાઉન્ટ ઓડિટ કરાવવાની જરૂરી કાર્યવાહી આગળ વધારવા મંજુરી આપવામાં આવી.

એજન્ડા ૪ : નીચે મુજબના એજન્ડા શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સામાન્ય સભા માટે મોકલવાનું ઠરાવવામાં આવ્યું.

૧ શ્રી પંચોલી સેવા સમાજ સુરતનુ વિલીનીકરણ શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ સુરતમાં થયેલ હોય હવેથી મહામંડળની તમામ કાર્યવાહીમાં સુરતનું પ્રતિનિધિત્વ શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ કરશે. જે બાબતે નોંધ લેવા બાબત.

૨ મહામંડળની તમામ સંલગ્ન સંસ્થાઓ બાબતે

વર્ષ દરમ્યાનના કાર્યની જાણકારી-ટુંક ચર્ચા ઉપર મુજબના એજન્ડા મહામંત્રીશ્રીને મોકલવાનું નક્કી કરવામાં આવ્યું.

એજન્ડા ૫ : ગત સામાન્ય સભા તથા કારોબારીમાં લેવાયેલ નિર્ણય મુજબ સેવા સમાજ સુરતનું પંચમાં વિલિનીકરણ થવાથી સેવા સમાજના હાલના વેલીડ સભ્યોને લાભાલાભ આપવા બાબત નોંધ લેવા અને સેવા સમાજના કુલ સભ્યોની નોંધ લેવા બાબત.

આ એજન્ડા ૬ : અંગે હાજર રહેલ તમામ સભ્યોએ પોતાના મંતવ્યો રજુ કર્યા હતાં.

અંતમાં શ્રી સુરત પંચમાં દાખલ થવા માંગતા નવા સભ્યો માટેના નિયમો સુધારા વધારા સાથે સામાન્ય સભાની મંજુરી અને એ અંગે બંધારણમાં જરૂરી સુધારા કરવા. સામાન્ય સભામાં રજુ કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.

શ્રી પંચોલી સેવા સમાજ સુરત દ્વારા મહત્તમ ભંડોળ પંચને ટ્રાન્સફર કરેલ હોય ગત સામાન્ય સભામાં નક્કી થયા મુજબ જે સભ્યશ્રી સેવા સમાજ સુરતના સભ્યની રૂએ આપોઆપ પંચના સભ્ય બને છે. તેઓ દ્વારા પંચનો શૈક્ષણિક ફાળો જમા કરાવેલો હોય તો પંચના લાભાલાભ આપવા, આ બાબતે શ્રી સેવા સમાજ સુરતના પ્રમુખશ્રી ગિરીશચંદ્ર ગજ્જર દ્વારા પંચને વેલીડ સભ્યોની સુચિ સોંપવાની આવી હતી. જે વેરીફાઇ કરી આગળની કાર્યવાહી માટે પંચના મંત્રીશ્રી દક્ષયભાઇ ગજ્જરને જવાબદારી આપવામાં આવી.

પ્રમુખસ્થાનેથી રજુઆત કરતાં પ્રમુખશ્રી હેમંતભાઇ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે ૭ આંકડાની માતબર રકમ શ્રી પંચોલી સેવા સમાજ સુરત દ્વારા પંચમાં ટ્રાન્સફર કરવામાં આવી છે. હાજર રહેલ તમામ સભ્યોએ તાળીઓથી સેવા સમાજના હોદ્દેદારો અને અધિવેશનના કાર્યકર્તાઓને વધાવી લીધા હતાં. અંતમાં રાત્રે ૧૦.૧૫ કલાકે સભા સમાપ્તિની ઘોષણા કરવામાં આવી...

## શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ, નવસારી

શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચની સામાન્ય સભા તા. ૨.૬.૨૦૧૩ને રવિવારે બપોરે ૩.૪૫ કલાકે શ્રી ઘાંચી પંચની વાડી, દુધિયા તળાવ રોડ ઉપર પહેલે માળે રાખવામાં આવી હતી. સામાન્ય સભાનું સંચાલન મંત્રી શ્રી અનિશભાઇ શાંતિલાલ પંચોલીએ કર્યુ હતું.

સૌ પ્રથમ દિવંગત આત્માને બે મિનિટનું મૌન પાડી શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી. સામાન્ય સભાની કાર્યવાહી ચાલુ કરવામાં આવી હતી.

પ્રમુખશ્રી પ્રણવભાઇ પંચોલીએ હાજર રહેલ સભ્યોને આવકાર્યા. ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે ભણતરમાં શી રીતે આગળ વધી શકાય એ બાબતમાં બે શબ્દો કહ્યાં હતાં. અને જે રીતે સમાજમાં છોકરીઓની સંખ્યા ભણવામાં આગળ વધી રહી છે એ દર્શાવે છે કે હવે માતા-પિતાને છોકરીઓ ભણે એ બાબતનો છોછ નથી અને છોકરીઓ પણ ભણી ગણીને પોતાના પગ પર ઉભી રહી શકે એ માટે ગર્વની લાગણી અનુભવે છે.

ખજાનચી શ્રી સમીરભાઇ જયંતિલાલ પંચોલીએ વર્ષ ૨૦૧૨-૧૩ના હિસાબો રજુ કર્યા અને ચર્ચા વિચારણા બાદ દરેક સભ્યોની સંમતિથી પસાર કર્યો હતો.

માજી પ્રમુખશ્રી દિપકભાઇ નટવરલાલ પંચોલીના વરદ હસ્તે ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કર્યુ હતું અને શ્રી કિરણભાઇ પરમાનંદભાઇ પંચોલીના વરદ હસ્તે પુસ્તકો માટેની રોકડ સહાયનું વિતરણ કર્યુ હતું.

ઉત્તિર્ણ થયેલ તેજસ્વી તારલાઓ..

| ધોરણ | નામ | ટકા |
|---|---|---|
| નર્સરી | નિલ જતિનભાઇ મહેતા | એ+ |
| | ઉર્વી હિતેશભાઇ મિસ્ત્રી | ૮૧ |
| જુ.કેજી | હિર દિપેશભાઇ પંચોલી | ૯૩ |
| | મુદ્રા નિકુંજ મિસ્ત્રી | એ+ |
| | જહાન્વી કૌશિકભાઇ મિસ્ત્રી | ૭૨ |
| | ઋષભ કલ્પેશભાઇ પંચોલી | એ |
| | નેત્રા સુકેતુભાઇ પંચોલી | એ |
| સી.કેજી | દીશા હિતેશભાઇ મિસ્ત્રી | ૯૧ |
| | મહેક વિજયભાઇ મિસ્ત્રી | એ+ |
| ધો.૧ | ક્રિશા કિરણભાઇ પંચોલી | ૬૬ |
| | દર્શિત અનિશભાઇ પંચોલી | ૫૬ |
| ૨ | વૃત્તિ શીતલભાઇ પંચોલી | ૯૨ |
| | રૂદ્ર પ્રણવકુમાર પંચોલી | એ+ |
| | ધ્રુવી અનિશભાઇ પંચોલી | ૬૬ |
| ૩ | કબીર મનિષભાઇ પંચોલી | ૯૭ |
| ૪ | ઇશાન તરંગકુમાર મિસ્ત્રી | ૯૦ |
| | નેનસી મિતેશકુમાર પંચોલી | ૭૯ |
| | પ્રાચી કલ્પેશભાઇ પંચોલી | ૫૪ |
| ૫ | જયમીન પીયુષભાઇ પંચોલી | ૭૫ |
| | ભૂમિ હેમંતભાઇ મહેતા | ૫૮ |
| ૬ | ભાવિ તરંગકુમાર મિસ્ત્રી | ૮૯ |
| | જીનલ નિલેશભાઇ મિસ્ત્રી | ૮૭ |
| | મૈત્રી મિતેશભાઇ પંચોલી | ૮૩ |
| | દીયા સમીરભાઇ પંચોલી | ૮૨ |
| | અવની આનંદભાઇ પંચોલી | ૭૮ |
| | કુશલ કલ્પેશભાઇ પંચોલી | ૫૬ |

| | | |
|---|---|---|
| ૭ | સ્વરા કલ્પેશભાઇ પંચોલી | ૮૪ |
| | દ્રષ્ટિ કિરણભાઇ પંચોલી | ૬૩ |
| ૮ | ચિરાગ દિપકભાઇ પંચોલી | ૬૭ |
| ૧૦ | પલક નિલેશકુમાર મિસ્ત્રી | ૭૬ |
| | ક્રિષ્ના હેમંતભાઇ પંચોલી | |
| | હર્ષિલ દિપકભાઇ પંચોલી | ૬૨ |
| ૧૧ | સ્મિત પરેશભાઇ પંચોલી | ૫૪ |
| | અંજલિ આનંદભાઇ પંચોલી | ૪૧ |

શ્રીમતિ રમીલાબેન બકુલભાઇ મિસ્ત્રી કે જેમણે ગુજરાત રાજ્ય યોજીત ખેલ મહાકુંભમાં નવસારી જિલ્લા તથા રાજ્યકક્ષાએ ગાંધીનગર ખાતે તરણ સ્પર્ધામાં જે વિવિધ સિદ્ધિ મેળવી હતી અને એમને આપણાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના વરદ હસ્તે ઈનામ પ્રાપ્ત થયું હતું એ માટે શ્રી નવસારી જ્ઞાતિપંચ વતી પ્રમુખશ્રી પ્રણવકુમાર મુકુંદભાઇ પંચોલીના વરદ હસ્તે મોમેન્ટો અર્પણ કરી બહુમાન કર્યુ હતું. પ્રમુખશ્રીએ એમને અભિનંદન આપ્યા હતા અને વધુને વધુ સિદ્ધિઓ પ્રાપ્ત કરે એ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી હતી. હાજર રહેલ સભ્યોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા.

શ્રીમતિ રમીલાબેને એમના વ્યકતવ્યમાં જણાવ્યું હતું કે મને જે પાણીનો ડર હતો પરંતુ એ ડર કાઢીને મે આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

અંતે સહમંત્રીશ્રી જતિનભાઇ વિક્રમભાઇ પંચોલીએ આભાર વિધિ કરી હતી. અંતમાં અલ્પાહાર લઇ છુટા પડયા હતા. નીચે જણાવ્યા મુજબ દાન મળ્યું હતું.

| | |
|---|---|
| ૫૦૧ | શ્રી દીપકભાઇ નટવરલાલ મિસ્ત્રી |
| ૧૦૦ | શ્રી દિનેશચંદ્ર જમનાદાસ મિસ્ત્રી |
| ૧૫૧ | શ્રી જશભાઇ વિઠ્ઠલભાઇ પંચોલી |
| ૧૦૧ | ગં.સ્વ. વીણાબેન ભોગીલાલ મિસ્ત્રી |
| ૧૦૦ | કોકિલાબેન હેમંતભાઇ પંચોલી |
| ૧૦૦ | ભગવતીબેન હસમુખભાઇ પંચોલી |
| ૧૫૧ | ગીતાબેન ભરતભાઇ મોદી તરફથી વર્ષગાંઠ નિમિત્તે |

## શ્રી પંચોલી સેવા સમાજ પાવી જેતપુર

શ્રી પંચોલી સેવા સમાજ પાવી જેતપુરની મિટીંગ એકમના પ્રમુખ શ્રી ગણપતભાઇ ભટાભાઇ પંચોલીના નિવાસસ્થાને એમના અધ્યક્ષ પદે તા. ૧૨.૬.૧૩ને બુધવારના રોજ રાત્રે ૯.૦૦ કલાકે ભરવામાં આવી.

આજરોજની સભામાં ગત તા. ૨૮.૪.૧૩ને રવિવારના રોજ ભરાયેલ મિટીંગની કાર્યવાહીનું વાંચન કરવામાં આવ્યું. જેને સર્વાનુમતે બહાલી મંજુર કર્યુ. પાવી જેતપુર એકમના તમામ સભ્યશ્રીઓના બાળકો અભ્યાસ કરતા હોય તેમને શૈક્ષણિક કીટ વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું હોવાથી બાળકો પણ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પ્રમુખશ્રીના સુચન અનુસાર નીચે પ્રમાણેના બાળકોને શૈક્ષણિક કીટસનું વિતરણ કરવામાં આવ્યું.

કાવ્યા અલ્પેશભાઇ પંચોલી-બેગ, નોટબુકો, પેન્સીલ વિ.
અત્રિ નિમેશભાઇ પંચોલી-બેગ, નોટબુક, પેન્સીલ વિ.
કિંજલ વિઠ્ઠલદાસ પંચોલી-ચોપડા, પેનો, પુઠા વિ.
ફાલ્ગુની વિઠ્ઠલદાસ પંચોલી- ,, ,, ,,
કિંજલ ગોપાલભાઇ પંચોલી ,, ,, ,,
પિનલ શંકરલાલ પંચોલી ,, ,, ,,
ભાર્ગવ અરવિંદલાલ પંચોલી ,, ,, ,,
કેતુલ વિપીનચંદ્ર પંચોલી ,, ,, ,,
પાર્થ વિપીનચંદ્ર પંચોલી ,, ,, ,,
ગૌરાંગ નારણદાસ પંચોલી ,, ,, ,,
પાર્થ કનુભાઇ પંચોલી ,, ,, ,,
મૌલિક ગોપાલભાઇ પંચોલી ,, ,, ,,

ઉપરોકત તમામ બાળકોને શૈક્ષણિક કિટસ પંચોલી એકમ પાવી જેતપુરના પ્રમુખશ્રી વડીલ સભ્યશ્રીઓ તેમજ તમામ સભ્યોના કરકમલ દ્વારા અર્પણ કરવામાં આવ્યું. એકમના મહિલા શ્રીમતિ ભુરીબેન નટવરલાલ પંચોલી દ્વારા સુંદર ભજનની રજુઆત કરી.

એકમના પ્રમુખશ્રી તેમજ મંત્રીશ્રી દ્વારા વર્ષ ૨૦૧૩ના વાર્ષિક ફાળો, પંચોલી નવયુગ માટે રૂા. ૫૦(સભ્ય દીઠ),તથા તિરણ કરેલ શૈક્ષણિક કિટસ માટે થયા શકિત ફાળો નોધાવવા અનુરોધ કરવામાં આવ્યો. જેના અનુસંધાને નીચે પ્રમાણે આજરોજ ફાળો મળ્યો.

| | એકમ ફાળો | ન.ફાળો | શૈ.ફાળો |
|---|---|---|---|
| ગણપતભાઇ ભટાભાઇ પંચોલી | ૧૦૧ | ૫૦ | ૩૦૧ |
| નટવરલાલ ગોરધનદાસ પંચોલી | ૧૦૧ | ૫૦ | ૩૦૧ |
| હિંમતલાલ મોહનલાલ પંચોલી | ૧૦૧ | ૫૦ | ૨૦૧ |
| નારણદાસ ગોરધનદાસ પંચોલી | ૧૦૧ | ૫૦ | ૧૦૧ |
| ગોપાલભાઇ ભટાભાઇ પંચોલી | ૧૦૧ | ૫૦ | ૧૦૧ |
| અરવિંદભાઇ પરસોત્તમભાઇ પંચોલી | ૧૦૧ | ૫૧ | ૧૦૧ |
| શંકરલાલ અંબાલાલ પંચોલી | ૧૦૧ | ૫૦ | ૧૦૦ |
| શંકરલાલ ચીમનલાલ પંચોલી | ૧૦૧ | ૫૦ | ૧૦૦ |
| હરીવદન લલ્લુભાઇ પંચોલી | ૧૦૧ | ૫૦ | ૧૦૦ |

નવયુગ શુભચિંતક શ્રી સંજીવ પંચોલી વડોદરા શ્રી રમેશચંદ્ર નાથાલાલ પંચોલી વડોદરા

હરકિશનભાઇ ગોરધનદાસ પંચોલી ૧૦૧ ૫૦ ૧૦૦
કાંતિલાલ મોહનલાલ પંચોલી ૧૦૧ ૫૦ ૫૧

બાકી રહેલ સભ્યશ્રીઓને ઉપરોક્ત ફાળો મરજીયાત આપવા માટે પ્રમુખશ્રી દ્વારા અપીલ કરવામાં આવી. પ્રમુખશ્રી ગણપતભાઇ દ્વારા આજરોજની મિર્ટીંગમાં હાજર રહેલ તમામ સભ્યશ્રીઓનું અલ્પાહાર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. અંતમાં એકમના વડીલ સભ્યશ્રી દ્વારા હરી ઓમ તત્સતની ધૂન બોલાવી સર્વે છુટા પડ્યા.

## શ્રી પંચોલી સેવા મંડળ રાજપીપલા

શ્રી પંચોલી સેવા મંડળ રાજપીપલાને વર્ષગાંઠ નિમિત્તે નીચે મુજબ દાન મળ્યું છે.

૫૧ શ્રી નગીનભાઇ જયંતિભાઇ પંચોલી
૫૧ ચિ. નિરવકુમાર નગીનભાઇ પંચોલી
૧૦૧ અ.સૌ. મધુબેન વિજયકુમાર મપારા
૧૦૧ અ.સૌ. ઉમાબેન તથા અનસુયાબેન ભગવતભાઇ પંચોલી
૫૧ શ્રી મનોજભાઇ ઇન્દ્રવદનભાઇ પંચોલી
૫૧ ચિ. અનિલકુમાર કંચનલાલ પંચોલી
૫૧ શ્રી મહેશભાઇ નગીનભાઇ મપારા
૧૦૨ શ્રી ચંદ્રકાંતભાઇ જગદીશભાઇ પંચોલી
૫૧ ચિ. રીતેશકુમાર અશોકભાઇ પંચોલી
૧૦૧ શ્રી નિલેશકુમાર રસિકલાલ પંચોલી
૧૦૧ અ.સૌ. સ્મૃતિબેન સાધશરણ પંચોલી
૧૦૧ અ.સૌ. ઇન્દિરાબેન દિનબંધુભાઇ પંચોલી
૧૦૧ શ્રી હિતેશકુમાર સુમનભાઇ પંચોલી
૫૧ શ્રી નગીનભાઇ મગનભાઇ પંચોલી
૧૦૧ સ્વ. હરેશભાઇ અંબાલાલ પંચોલીના સ્મરણાર્થે હસ્તે મિલનકુમાર પંચોલી

## પંચોલી સમાજ વડોદરા

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પૂર્વ પ્રમુખશ્રી ડૉ. સૂર્યકાંતભાઇ પંચોલી તથા તેમના ધર્મપત્ની શ્રીમતિ જશુબેન ગ્રીનકાર્ડ ઉપર કેનેડા ગયા તે નિમિત્તે રૂા. ૧૫૦ ભેટ મળ્યા છે.

## અનુકરણીય

શ્રી પંચોલી સેવા સમાજ પાવી જેતપુરના ૧૧ સભ્યો તરફથી વ્યકિતગત રૂા. ૫૦ નવયુગ પોર્સ્ટીંગ માટે રૂા. ૫૫૦ /- ફાળો નોંધાવ્યો છે. ઉપરોક્ત ફાળો મોકલવા બદલ પાવી જેતપુર એકમના પ્રમુખશ્રી ગણપતભાઇ ભટાભાઇ પંચોલીના આભારી છીએ....... તંત્રી

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રમુખ કેવા હોવા જોઈએ ?
## અંગત અભિપ્રાય

મહામંડળના પ્રમુખ વિનમ્ર, બધાને સાથે લઈને ચાલનારા તથા સાથી હોદ્દેદારોને વિશ્વાસમાં લઇ મહામંડળોના નિર્ણયો લેવાની ક્ષમતાવાળા હોવા જોઇએ.

મહામંડળની સાથે સમાજના દરેક માનવીને ઉચ્ચ દિશામાં લઇ જવા માટે કાર્યશીલ હોય તથા સતત ચિંતનશીલ હોય એવું વ્યકિતત્વ હોવું જોઇએ.

❖ પ્રમુખ ૪૦ થી ૫૫ વર્ષની ઉંમરની વ્યકિતની પસંદગી કરી શકાય.

❖ મહામંડળના કાર્યમાં ૬ થી ૮ વર્ષથી સંકળાયેલા તેમજ મહામંડળની વિવિધ સંલગ્ન સંસ્થાઓમાં હોદ્દા ઉપર રહીને કાર્ય કર્યુ હોય એવા વ્યકિતને પ્રથમ પસંદગી આપી મહામંડળના પ્રમુખ બનાવી શકાય.

❖ જો કોઇ એકમ અધિવેશન કરવાનું હોય તેવા એકમનો પ્રમુખ ન બનાવીને બીજા એકમના વ્યકિતને પ્રમુખ બનાવીએ તો તે મહામંડળની આર્થિક સધ્ધરતા તથા તેની પ્રગતિ પર ધ્યાન કેન્દ્રીત કરી મહામંડળને આર્થિક રીતે મજબુત કરવા પર ધ્યાન કેન્દ્રીત કરી શકે.

❖ દરેક એકમની એકવાર મુલાકાત અવશ્ય લેવી જોઇએ.

સતત બે કે તેથી વધુ ટર્મ માટે કોઇપણ એકમને પ્રમુખપદ ન આપવું.

❖ પ્રમુખ બનનાર વ્યકિત જે તે એકમમાં સક્રિયતાથી કાર્યરત હોય તેવા વ્યકિતની પસંદગી કરી શકાય.

❖ પ્રમુખની વરણી સાથે બે કે તેથી વધુ ઉપપ્રમુખની વરણી કરવી જોઇએ જેથી વધુ કાર્યકરો તૈયાર થાય અને ભવિષ્યમાં તે મહામંડળનું સુકાન સંભાળી શકે.

❖ એવા હોદ્દેદારોની પસંદગી કરવી કે તે મહામંડળ તથા સમાજને ઉચ્ચ દિશા તરફ લઇ જવા માટે કાર્યશીલ હોય, સતત ચિંતનશીલ હોય.

સુમનભાઇ એમ. મિસ્ત્રી-વ્યારા



# મહિલા સમાચાર

## શ્રી પંચોલી મહિલા મંડળ વ્યારા

શ્રી પંચોલી મહિલા મંડળ વ્યારાની વાર્ષિક મિટીંગ તા. ૧૫.૬.૨૦૧૩ના રોજ બપોરે ૪ કલાકે પંચોલી વાડીમાં રાખવામાં આવી હતી. મંત્રી શ્રીમતિ બેલાબેન પંચોલીએ સૌ બહેનોને આવકાર આપી આજની મિટીંગની શરૂઆત કરી. પ્રમુખ શ્રીમતિ કુસુમબેને આવકાર આપ્યો. વ્યારા વિજયભાઇ એન. પંચોલી શ્રીજી ચરણ થયા તે નિમિત્તે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પી હતી.

વાર્ષિક મિટીંગના સમારંભના પ્રમુખ શ્રીમતિ જ્યોત્સનાબેન મહેન્દ્રભાઇ પંચોલી અને અતિથિવિશેષ શ્રીમતિ નયનાબેન ચંદ્રકાંતભાઇ પંચોલીનું આગમન થતા કુસુમબેને સમારંભના પ્રમુખશ્રી જ્યોત્સનાબેનને તેમના સ્થાને લાવી પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ. અતિથિવિશેષ શ્રીમતિ નયનાબેનને ગીતાબેને તેમના સ્થાને લાવી તેમનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ. રીનલબેન જે. પંચોલીની સુંદર પ્રાર્થના ગાઇ. શ્રીમતિ જ્યોત્સનાબેનનો પરિચય હેતલબેન ધવલભાઇ પંચોલીએ આપ્યો. શ્રીમતિ નયનાબેનનો પરિચય શ્રીમતિ ગીતાબેને આપ્યો. આજના આ કાર્યક્રમમાં પંચોલી સમાજના હોદ્દેદારો અને ટ્રસ્ટીઓને આમંત્રણ આપ્યું હોય તેમનું સ્વાગત પ્રમુખશ્રી ભરતભાઇનું સ્વાગત કુસુમબેન પંચોલીએ, મંત્રીશ્રી હિતેશભાઇ ગાંધીનું સ્વાગત ગીતાબેન ગાંધીએ, સહમંત્રીશ્રી નવિનભાઇનું સ્વાગત બેલાબેન પંચોલીએ, ટ્રસ્ટીશ્રી ચંપકકાકાનું સ્વાગત પારૂલબેન ગાંધીએ, સુમનભાઇ મિસ્ત્રીનું રીટાબેન ગાંધીએ અને અરવિંદભાઇ પંચોલીનું સ્વાગત મહિલા બચતના કન્વીનર આનંદીબેને કર્યુ.

પારૂલબેન ગાંધીએ ગત મિટીંગનું વાંચન કર્યુ. કારોબારીની બહેનોએ ગણેશ વંદના કરી. કુસુમબેન પંચોલીએ સ્વાગત ગીત ગાયુ. છેલ્લા બે વર્ષ દરમ્યાન થયેલા કાર્યક્રમોની ટુકમાં ઝાંખી આપી. મંત્રી બેલાબેને વાર્ષિક હિસાબ રજુ કર્યા અને તેને સર્વે બહેનોએ હાથ ઉંચો કરી બહાલી આપી. પ્રમુખશ્રીએ જ્યોત્સનાબેન અને ઉપપ્રમુખશ્રીએ નયનાબેનને સ્મૃતિભેટ આપી. પંચોલી સમાજના પ્રમુખશ્રી ભરતભાઇએ મહિલા મંડળની બહેનોને અભિનંદન આપ્યા અને રૂા. ૬,૦૦૦/-નું દાન પંચોલી સમાજ વ્યારા તરફથી જાહેર કર્યુ. ભરતભાઇએ એમના વ્યકતવ્યમાં મહિલા મંડળની સંખ્યા વિશે ટકોર કરી અને કહ્યું કે ઘર દીઠ એક વ્યકિત તો મહિલા મંડળના સભ્ય હોવા જ જોઇએ. અને કારોબારીની બહેનોએ કરેલ ગણેશવંદના જોઇને ભરતભાઇએ દિવાળી પર ઇનામ વિતરણ એકલું જ નહી પણ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ સાથે થવો જ જોઇએ. ગીતાબેન, બેલાબેને હાઉસીગેમ રમાડી તેમાં ફસ્ટ રોના વિજેતા ગીતાબેન ભુપેન્દ્રભાઇ પંચોલી, સેકન્ડ રોના વિજેતા નિશાબેન આર. પંચોલી, થર્ડ રોના વિજેતા (૧) નયનાબેન હર્ષદભાઇ પંચોલી (૨) આનંદીબેન ભરતભાઇ પંચોલી અને ફુલ હાઉસીના વિજેતા નયનાબેન જયેશભાઇ પંચોલી થયા હતાં. કુસુમબેને સામાન્ય જ્ઞાનની સ્પર્ધા રમાડી તેના વિજેતા આવતા માસની મિટીંગમાં જાહેર કરવા જણાવ્યું. સમારંભના પ્રમુખ જ્યોત્સનાબેને તેમના વ્યકતવ્યમાં જણાવ્યું કે સૌ બહેનોમાં કંઇને કંઇ ટેલેન્ટ છુપાયેલી છે અને મહિલા મંડળમાં વિવિધ પ્રવૃતિઓ થતી હોય માટે વધુને વધુ બહેનો મહિલા મંડળમાં જોડાય એવી અપીલ કરી. નયનાબેને પણ મહિલા મંડળ સારી રીતે ચાલે એ માટે શુભેચ્છાઓ પાઠવી.

ચાલુ માસમાં આવતી બર્થડે અને મેરેજ એનીવર્સરી વિશ કરી સૌ બહેનોને શુભેચ્છાઓ વિશ કરી. બેલાબેન પંચોલીએ આવતા માસની મિટીંગ તા. ૧૪.૭.૧૩ના રોજ રાખવાની જાહેર કરી અને તેમાં મહેંદી સ્પર્ધા અથવા કેશગૂંફન સ્પર્ધા રાખવાનું નકકી કર્યુ. કુસુમબેન પંચોલીની આજરોજ હોદ્દાની મુદત પુરી થતાં તેમની જગ્યાએ નવી ટીમ નીચે મુજબ નિમણૂંક કરવામાં આવી.

પ્રમુખ - શ્રીમતિ ગીતાબેન જયેશભાઇ ગાંધી,
ઉપપ્રમુખ - બેલાબેન મનિષભાઇ પંચોલી
મંત્રી - પારૂલબેન હિતેશભાઇ ગાંધી,
સહમંત્રી - પ્રવિણાબેન ભુપેન્દ્રભાઇ ગાંધી

નવા આવેલ સહમંત્રી પ્રવિણાબેનને સૌએ તાળી પાડી વધાવી લીધા. શ્રીમતિ કુસુમબેન પંચોલીને ગીતાબેન, બેલાબેન, પારૂલબેને સાથે મળી પુષ્પગુચ્છ અને સ્મૃતિ ભેટ આપી તેમણે કરેલ કાર્યોની બિરાવ્યા. ગીતાબેને કુસુમબેનને ભવિષ્યમાં આવો જ સાથ સહકાર આપતા રહેશો એવી વિનંતી કરી. હોદ્દેદારો અને મહેમાનોના વરદ હસ્તે સમગ્ર વર્ષ દરમ્યાન યોજેલ સ્પર્ધાના તથા ગેમના ઇનામો તથા લ્હાણી સ્વરૂપે જવેલરી બોક્ષ આપવામાં આવ્યા.

બેલાબેન પંચોલીએ આભાર વિધિ કરી. સમગ્ર વર્ષ દરમ્યાન સાથ સહકાર આપવા બદલ પંચોલી સમાજ વ્યારાના હોદ્દેદારોનો આભાર માન્યો. કારોબારી બહેનોનો કે જેઓ

સમગ્ર વર્ષ દરમ્યાન દરેક નાની મોટી કામગીરીમાં તત્પર રહેતા હોય તેમનો વિશેષ આભાર માન્યો. સમાજની વાડીની દેખરેખ રાખનાર વિજયભાઇ ગાંધી કે જેઓ સમગ્ર વર્ષ દરમ્યાન બહેનોને સહાયરૂપ થાય છે તેઓને સમગ્ર મહિલા મંડળ વતી સ્મૃતિ ભેટ આપીને તેમનો આભાર માનવામાં આવ્યો. આજના કાર્યક્રમના પ્રમુખ શ્રીમતિ જ્યોત્સનાબેન પંચોલી અને અતિથિવિશેષ તરીકે બિરાજેલ શ્રીમતિ નયનાબેનનો હ્રદયપુર્વક આભાર માન્યો. આ ઉપરાંત તમામ મહિલા મંડળની સભ્ય બહેનો કે જેઓ આખા વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃતિઓમાં સાથ સહકાર આપી અમારા ઉત્સાહને વધાર્યો છે તેનો આભાર માન્યો હતો. આ ઉપરાંત છેલ્લા ત્રણ વર્ષથી નાસ્તા માટે શ્રી પંચોલી સમાજના માજી પ્રમુખ શ્રી મનિષભાઇ કે જેમણે મહિલા મંડળને સમાજ વતી દાન આપીને બીજ રોપ્યા છે અને તેમાં પંચોલી સમાજની નવી આવનાર દરેક ટીમો તેમાં ખાતરપાણી નાંખીને આ મહિલા મંડળને મોટું વટવૃક્ષ બનાવે એવી આશા સાથે મનિષભાઇ અને તેની ટીમનો પણ આભાર માનું છું. શ્રી પંચોલી સમાજની નવી નિમાયેલી ટીમનો પણ આભાર માનું છું. સહમંત્રી શ્રીમતિ પારૂલબેને આજના દાન જાહેર કર્યા.

- ૬૦૦૦ શ્રી પંચોલી સમાજ વ્યારા
- ૧,૧૧૧ શ્રીમતિ જ્યોત્સનાબેન મહેન્દ્રભાઇ પંચોલી સમારંભના પ્રમુખશ્રી
- ૭૫૧ શ્રીમતિ નયનાબેન ચંદ્રકાંતભાઇ પંચોલી સમારંભના અતિથિવિશેષ
- ૭૫૧ શ્રીમતિ કુસુમબેન શાંતિલાલ પંચોલી
- ૨૦૦ શ્રી અરવિંદભાઇ નારણભાઇ પંચોલી
- ૧૦૦ શ્રીમતિ સરસ્વતીબેન અરવિંદભાઇ પંચોલી તરફથી ચિ. અનમોલની બર્થડે નિમિત્તે
- ૧૦૦ શ્રીમતિ સરસ્વતિબેન અરવિંદભાઇ પંચોલી તરફથી પૌત્રી લાગણીની બર્થડે નિમિત્તે
- ૧૦૦ શ્રીમતિ સરસ્વતીબેન અરવિંદભાઇ પંચોલી તરફથી પૌત્ર શુભમની બર્થડે નિમિત્તે.

એનીવર્સરી નિમિત્તે

- ૧૦૦ શ્રીમતિ બેલાબેન મનિષભાઇ પંચોલી
- ૧૦૧ શ્રીમતિ નિશાબેન રાજેશભાઇ પંચોલી
- ૫૦ શ્રીમતિ બિનીતાબેન પૂર્વેશભાઇ પંચોલી
- ૧૦૧ શ્રીમતિ કુસુમબેન શાંતિલાલ પંચોલી
- ૫૧ શ્રીમતિ નીરૂપાબેન સુમનભાઇ પંચોલી
- ૧૦૧ શ્રીમતિ પ્રવિણાબેન ભુપેન્દ્રભાઇ ગાંધી
- ૫૧ શ્રીમતિ પ્રભાબેન જમીયતભાઇ પંચોલી
- ૧૦૧ શ્રીમતિ દક્ષાબેન નિતીનભાઇ ગાંધી
- ૧૦૦ શ્રીમતિ પદમાબેન પ્રશાંતભાઇ ગાંધી
- ૫૦ શ્રીમતિ મૌલિનાબેન વિનયકુમાર પંચોલી
- ૫૦ શ્રીમતિ ભાવીની આશિષકુમાર પંચોલી

બર્થડે નિમિત્તે

- ૧૦૧ શ્રીમતિ કુસુમબેન શાંતિલાલ પંચોલી
- ૧૫૦ હંસાબેન નવિનભાઇ પંચોલી
- ૧૧૦ શ્રીમતિ નયનાબેન જયેશભાઇ પંચોલી
- ૧૦૦ શ્રીમતિ નયનાબેન જયેશભાઇ પંચોલી પુત્રી ઇશિતાની બર્થડે નિમિત્તે
- ૫૧ શ્રીમતિ કુસુમબેન શાંતિલાલ પંચોલી-પૌત્ર હર્ષિલની
- ૫૦ શ્રીમતિ મૌલિના વિનયકુમાર પંચોલી-પુત્રી હેનીશાની
- ૧૦૧ શ્રીમતિ હેતલ ધવલભાઇ પંચોલી-પુત્ર પ્રણીલની
- ૧૦૦ શ્રીમતિ નયનાબેન જયેશભાઇ પંચોલી તરફથી ગૃહપ્રવેશ નિમિત્તે.
- ૫૧ શ્રીમતિ મંજુલાબેન દિનેશભાઇ પંચોલી તરફથી પૌત્રી આધ્યાના જન્મ નિમિત્તે.
- ૧૦૧ શ્રીમતિ પારૂલબેન હિતેશભાઇ ગાંધી-પુત્રી રિધ્ધિ ધો.૧૦માં પાસ થયા તે નિમિતે.
- ૧૦૧ નયનાબેન હર્ષદભાઇ પંચોલી તરફથી સ્વ. જયાબેનના સ્મરણાર્થે.
- ૫૦ શ્રીમતિ ભાવીની આશિષકુમાર પંચોલી તરફથી પુત્ર યુગ SSCમાં પાસ થવા બદલ
- ૫૧ શ્રીમતિ રક્ષાબેન બિપીનભાઇ પંચોલી તરફથી પિતાશ્રી હિરાલાલના સ્મરણાર્થે

સૌ દાતાઓનો આભાર માનવામાં આવ્યો. અંતમાં અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.



# તેજસ્વી તારલાઓ જોગ

માર્ચ/એપ્રિલ/મે-૨૦૧૨ દરમ્યાન લેવાયેલ S.S.C., H.S.C., I.T.I., P.T.C., A.T.D.,ગ્રેજ્યુએશન, ડિપ્લોમાં વિગેરે અંતિમવર્ષની પરીક્ષાઓના પરીણામો આવવાની શરૂઆત થઇ ગઇ છે. સફળ થયેલ સૌ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓને હાર્દિક શુભેચ્છાઓ સહ અભિનંદન....

❖ S.S.C. માં **૭૦%** (પર્શનટાઇલ) કે તેથી વધુ ગુણ....

❖ H.S.C. માં **૬૦%** (પર્શનટાઇલ) કે તેથી વધુ ગુણ મેળવનાર....

❖ I.T.I., P.T.C., A.T.D., તથા ડીપ્લોમા વિગેરે અંતિમ વર્ષની પરીક્ષામાં અને ગ્રેજ્યુએશન, પોષ્ટ ગ્રેજ્યુશનમાં કોઇપણ વર્ગમાં પાસ થયેલ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓના ફોટોગ્રાફસ નવયુગમાં વિનામુલ્યે છાપવામાં આવે છે. તો ઉપરની શરત મર્યાદામાં આવતા સૌ સફળ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓએ પોતાના <u>પ્રમાણિત માર્કસીટની ઝેરોક્ષ ની પાછળ તથા પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફસની પાછળ પોતાનું પુરેપુરૂં સરનામું, ધોરણ અને ટકા ની સંપૂર્ણ</u> વિગતો લખીને તંત્રીશ્રીને મોકલવી ફરજીયાત છે. અપુરતી માહિતીવાળી તથા સમય મર્યાદા પછી આવેલ વિગતો ધ્યાનમાં લેવામાં આવશે નહી. જો આપ ફોટો મોકલવામાં મોડા પડયા હોય અથવા સમય મર્યાદા ચુકી ગયા હોય અને આપની ઇચ્છા હોય હોય કે મારો ફોટો નવયુગમાં છપાવવો છે તો ફકત રૂા. ૧૫૦માં આપનો ફોટો પ્રકાશિત કરવામાં આવશે

❖ કે.જી, નર્સરી કે ધો.૧ થી ધો.૯ સુધીના તથા F.Y., S.Y., P.T.C., M.A.,પ્રથમવર્ષ, તથા અન્ય અભ્યાસક્રમમાં સફળ થયેલ ઉમેદવારનો ફોટો વિના મૂલ્યે છાપવામાં આવતો નથી. રૂા. ૧૫૦ ચાર્જ આપવાથી ફોટો તથા મેટર જાહેરાત સ્વરૂપે છાપવામાં આવશે.

❖ ફોટામાં સ્ટેપલર કે ટાંકણી મારશો નહી. કોલેજ કક્ષાની <u>માર્કસીટની ઝેરોક્ષ તથા ફોટોગ્રાફસ જેમ જેમ રીઝલ્ટ આવે એ રીતે મોકલી આપવાની રહેશે. આપના ફોટોગ્રાફસ ઓગષ્ટમાસના નવયુગમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની નોંધ લેશો......</u>

૩૦.૭.૧૩ પછી આવેલ પરીણામોના જ ફોટાઓ દિવાળી અંકમાં પ્રકાશીત કરાશે જેની નોંધ લેવા વિનંતી. આપની

<u>આપની માર્કસીટની ઝેરોક્ષ અને ફોટો **તા. ૨૦.૭.૨૦૧૩** સુધીમાં મળે એ રીતે નીચેના સરનામે મોકલવા. ત્યારબાદ આવેલ ફોટા પ્રકાશિત કરવામાં આવશે નહી તેની નોંધ લેવા વિનંતી..</u>

**દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**

૨/૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંકની પાછળ, ડો. બેંક. રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

**દિવાળી અંકમાં ફકત કોલેજ કક્ષાના તેજસ્વી તારલાઓના ફોટા પ્રકાશિત કરવામાં આવશે.**
**HSC અને HSCના ફોટા દિવાળી અંકમાં રૂા. ૧૫૦ આપશે તેના જ છાપવામાં આવશે**
**જેની નોંધ લેવા વિનંતી. માર્કસીટ અને ફોટાઓ જેમ જેમ રીઝલ્ટ આવે એમ મોકલી આપવા વિનંતી**

SWISS MALARIA GROUP PHOTO CONTEST-2013
1st PRIZE - SWITZERLAND



THE LITTLE GIRL PLACES FOOD BESIDE THE COW

## પંચોલી સમાજ વડોદરાનું ગૌરવ

વડોદરાના શ્રી ડિમ્પલભાઇ આઇ. પંચોલી મચ્છરો સહિતના જીવલેણ જંતુઓથી પ્રાણીઓને પણ બચાવવાનો સંદેશો આપતી આ તસ્વીર છે. સ્વીઝ મેલેરીયા ગૃપ ફોટો કોન્ટેસ્ટ-૨૦૧૩ સ્વીત્ઝરલેન્ડમાં પ્રથમ ઇનામ મેળવ્યું છે. ગાયને મચ્છરોથી બચાવવા મચ્છરદાનીમાં સુરક્ષિત રાખવામાં આવી છે અને એક બાળકી તેને ઘાસ ખવડાવી રહી છે...

ઉપરોકત ઇનામ મેળવી પંચોલી સમાજ વડોદરા, સમગ્ર પંચોલી સમાજ તથા માતા પિતાને ગૌરવ અપાવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન...

## વિદેશગમન




શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પૂર્વ પ્રમુખશ્રી ડૉ. સૂર્યકાંતભાઇ પંચોલી તથા તેમના ધર્મપત્ની શ્રીમતિ જશુબેન ગ્રીનકાર્ડ ઉપર કેનેડા ગયા છે.

તમસો માં જ્યોતિર્ગમય
રજી. નં.: A/1822 ભરૂચ

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ**
**ની**

# સામાન્ય સભા

જુલાઇ માસની **૨૧.૭.૨૦૧૩**ના રોજ ઉનાઇ મુકામે યોજવામાં આવશે.

સમય : સવારે ૧૦.૦૦ કલાકે

સ્થળ : શ્રી સમસ્ત પંચોલી સુથાર પંચની ધર્મશાળ-ઉનાઇ

દરેક એકમના હોદ્દેદારોએ નોંધ લેવા વિનંતી.

મહામંત્રીશ્રી

## એક વાર જાવુ હરીના ધામમાં



રાજપીપલા નિવાસી શ્રી હરેશકુમાર અંબાલાલ પંચોલી (બરકાલવાળા-ભગત) તા. ૧૪.૦૬.૨૦૧૩ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૭૩



છોટાઉદેપુર નિવાસી ભુપેન્દ્રભાઇ મોહનલાલ પંચોલી તા. ૧.૦૫.૨૦૧૩ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૬૦



ભીલાડ(હાલ નવસારી) નિવાસી ગં.સ્વ. પન્નાબેન રમેશચંદ્ર મિસ્ત્રી તા. ૧૬.૦૬.૨૦૧૩ના રોજ હરીના ધામમાં ગયા.



અંકલેશ્વર નિવાસી દિનેશભાઇ ચીમનભાઇ પંચોલી તા. ૯.૦૬.૨૦૧૩ના રોજ હરીના ધામમાં ગયા.



શિનોર નિવાસી ગં.સ્વ. ધનલક્ષ્મીબેન ગોરધનભાઇ પંચોલી તા. ૨૯.૦૫.૨૦૧૩ના રોજ હરીના ધામમાં ગયા.




સુરત નિવાસી શ્રી રમણભાઇ ઝીણાભાઇ પંચોલી તા. ૧૬.૦૬.૨૦૧૩ના રોજ હરીના ધામમાં ગયા.

## ટીપે ટીપે સરોવર ભરાય

- ₹ ૨૫૧/- વડોદરા નિવાસી શ્રીમતિ જૈસલબેન તથા દક્ષેશકુમાર વિપીનચંદ્ર પંચોલીના નવા મકાનના વાસ્તુપૂજન નિમિત્તે.
- ₹ ૨૦૦/- વડોદરા નિવાસી શ્રીમતિ જસુબેન તથા ડૉ. સૂર્યકાંત એમ પંચોલીના વિદેશયાત્રા નિમિત્તે.
- ₹ ૨૦૧/- છોટાઉદેપુર નિવાસી ભુપેન્દ્રભાઇ મોહનલાલ પંચોલીના સ્મરણાર્થે પરિવારજનો તરફથી
- ₹ ૧૦૧/- છોટાઉદેપુર નિવાસી હિતેશભાઇ ગોવિંદભાઇ પંચોલી તરફથી પુત્ર ચિ. રુદ્રની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે.
- ૧૫૧/- બારડોલી નિવાસી શ્રીમતિ દક્ષા બેન અને શ્રી હરીશભાઇ ભગવાનજી મિસ્ત્રી તરફથી ૨૫મી મૅરેજએનીવર્સરી નિમિત્તે.

"શ્વાસ અને વિશ્વાસ એકજ વાર તૂટે છે શ્વાસ તૂટવાથી જીવનનું મૃત્યુ થાય છે અને વિશ્વાસ તૂટવાથી જીવનનું મૃત્યુ થાય છે."

## હેપી બર્થડે....


રુદ્ર હિતેશભાઇ પંચોલી-છોટાઉદેપુર તા. ૨૬.૭.૨૦૧૨


શીવ પ્રજ્ઞેશભાઇ પંચોલી-સંખેડા તા. ૭.૭.૨૦૧૨


વિનિત તેજસકુમાર ફર્નીચરવાલા-સુરત તા. ૧૨.૦૬.૨૦૧૦

## ૨૫મી મૅરેજ એનીવર્સરી



બારડોલી નિવાસી શ્રીમતિ દક્ષા બેન અને શ્રી હરીશભાઇ ભગવાનજી મિસ્ત્રી તા. ૨૪.૭.૨૦૧૩ના રોજ લગ્ન જીવનના ૨૫ વર્ષ પુરા કરે છે... સમગ્ર પંચોલી સમાજ લગ્નજીવનની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે...

Book Post
Printed Book
પ્રિન્ટેડ બુક

**From :**
**Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Ph.** : 02646 - 252852 **Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Ph. : (02646) (R) 291852(O) 252852,**
**Mo. : 98241 71930, 98240 64282. Email : pancholi_navyug@yahoo.com**